ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 58 / ISSUE-05 / NOVEMBER 2025



SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

# ACTIVITIES OF SGCCI

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સાચપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારધી (પવાર)**



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, એસઆઇઇસીસી કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**



સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વકતા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહીં.


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના ગ્લોબલ ટ્રેડ એક્સ્પોની મુલાકાત લીધી | 05 |
| 02 | ચેમ્બરના પ્રતિનિધિમંડળની ઈન્ડોનેશિયાના વેપાર-વાણિજ્ય મંત્રી સાથે વિશેષ બેઠક, દક્ષિણ ગુજરાત અને ઈન્ડોનેશિયા વચ્ચે બિઝનેસ સહયોગ વધારવા ચર્ચા | 06 |
| 03 | ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના કેડિન ચેમ્બર સાથે બંને દેશોના ધંધા - ઉદ્યોગોના લાંબા ગાળાના સંબંધો વિશે ચર્ચા કરી, બંને ચેમ્બર લાંબા ગાળાના એમઓયુ કરવા સંમત થયા | 07 |
| 04 | ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયામાં જકાર્તા સ્થિત ભારતીય દૂતાવાસ સાથે બેઠક કરી | 08 |
| 05 | ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયામાં તાન્ઝાનિયાના પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી | 09 |
| 06 | ચેમ્બરના પ્રતિનિધિમંડળે ગુજરાતના નવનિયુક્ત ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું | 10 |
| 07 | MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવામાં ન આવે તે માટે નવી દિલ્હી ખાતે નીતિ આયોગ સમક્ષ ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત | 11 |
| 08 | સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર મુસાફરોને થતી તકલીફો અંગે ચેમ્બર દ્વારા ભારતના કેન્દ્રીય રેલવે મંત્રીશ્રીને રજૂઆત કરાઇ | 12 |
| 09 | સુરત એરપોર્ટ ખાતે ઇન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવાની ચેમ્બરની AAICLASના સીઈઓ શ્રી અજય ભારદ્વાજ સમક્ષ રજૂઆત | 16 |
| 10 | ટેક્સટાઇલ ક્ષેત્રના હિતમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા નવી દિલ્હી ખાતે સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે રજૂઆત | 17 |
| 11 | ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ' સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' વિષય પર સેશન યોજાયું | 18 |
| 12 | થાઇલેન્ડ-ઇન્ડિયા બિઝનેસ કનેકટ : પાવર, ઓટોમોબાઇલ અને હોસ્પિટાલિટી સિનર્જીસ વિષે સેમિનાર | 19 |
| 13 | ડાન્સ અને ટ્રાવેલ થેરેપી પર અવેરનેસ સેશન યોજાયું | 20 |
| 14 | ચેમ્બર અને ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ.ના સંયુક્ત ઉપક્રમે 'હેલ્થ કોન્કલેવ ૨૦૨૫' યોજાઇ | 21 |
| 15 | વાપી પાસેની સેલો વર્લ્ડ લિમિટેડ અને પલસાણા ખાતેની અલ્ટ્રા ડેનિમ લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ | 23 |
| 16 | બિઝનેસ ગ્રોથ અને પર્સનલ પ્રોસ્પેરિટી માટે વાસ્તુ વિષે સેશન યોજાયું | 24 |
| 17 | કામદાર વીમા યોજનાની સ્પ્રી અને એમ્નેસ્ટી યોજનાઓ વિશે સેમિનાર યોજાયો | 25 |
| 18 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમેરિકામાં બિઝનેસના વિસ્તરણ અંગે સેમિનાર યોજાયો | 27 |
| 20 | 'નારી સ્વાસ્થ્યનો આધાર: પોતાની જાત પ્રત્યે પ્રેમ અને સંતુલિત આહાર' વિશે સેશન યોજાયું | 29 |
| 21 | મૉડલ બનવું છે? ચેમ્બર ઓફ કોમર્સ તમને મદદ કરશે | 30 |
| 22 | SBC દ્વારા પ્રિ-દિવાળી સેલિબ્રેશન | 31 |
| 24 | સિંધુ સેવા સમિતિ સ્કૂલના વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું | 33 |
| 28 | મારી ચીન યાત્રા | 38 |
| 29 | અંગ્રેજોને હવે 'મેડ ઇન ઇન્ડિયા' ગમશે! | 39 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના ગ્લોબલ ટ્રેડ એક્સ્પોની મુલાકાત લીધી





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે તા. 12 થી 18 ઓક્ટોબર, 2025 દરમિયાન ઈન્ડોનેશિયાની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે તા. 15થી 19 ઑક્ટોબર દરમ્યાન આયોજિત ગ્લોબલ ટ્રેડ એક્સ્પો ઈન્ડોનેશિયાની 40મી આવૃત્તિની મુલાકાત લેવા માટે ઈન્ડોનેશિયા ગણરાજ્યના નવી દિલ્હી સ્થિત દૂતાવાસ તરફથી આમંત્રણ મળ્યું હતું.

ઈન્ડોનેશિયાના વેપાર મંત્રાલય હેઠળ ડિરેક્ટોરેટ જનરલ ઓફ નેશનલ એક્સપોર્ટ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં 130થી વધુ દેશોએ ભાગ લીધો અને 8000થી વધુ આંતરરાષ્ટ્રીય બાયર્સે મુલાકાત લેતા આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી મોટા અને સૌથી વિશ્વસનીય બીટુબી ટ્રેડ એક્ઝિબિશન તરીકે તેની નામના જાળવી રાખી છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાનીમા ટેક્સ્ટાઈલ, હીરા, વોટર પ્યુરિફિકેશન સિસ્ટમ, શિક્ષણ, સોલર, મીઠું અને કોલસા ટ્રેડિંગ અને વ્યસાયિક સેવાઓ એમ વિવિધ ક્ષેત્રના 16 બિઝનેસ અગ્રણી સભ્યોના પ્રતિનિધિમંડળે આ એક્ઝિબિશનની મુલાકાત લીધી અને તેના ઉદ્દઘાટન સમારોહમાં પણ હાજર રહ્યા. આ ઉદ્દઘાટન સમારોહમા ઈન્ડોનેશિયાના વેપાર વાણિજ્ય મંત્રી શ્રી બુડી સેંટોસો હાજર રહ્યા હતા. 'ટ્રેડ બિયોન્ડ બાઉન્ડ્રી'ના થીમ પર યોજાયેલા આ પ્રદર્શનમા ચેમ્બરના પ્રતિનિધિમંડળે વિવિધ મહાનુભાવો, નિકાસકારો અને વિશ્વભરના રોકાણકારો સાથે મહત્વપૂર્ણ ચર્ચા-મુલાકાતો કરી હતી.

શ્રી મદ્રાસીએ કહ્યુ કે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો અને નિકાસકારો માટે નવા બજારો ખોલવાના ચેમ્બરના સતત પ્રયાસોનો એક ભાગ હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુ કે, ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર અને આસિયનનું મુખ્ય સભ્ય હોવાથી ઇન્ડોનેશિયા ભારતીય એમએસએમઈ અને મોટા ઉદ્યોગો માટે સમાન તકો પ્રદાન કરે છે. દક્ષિણ ગુજરાત અને ઈન્ડોનેશિયા વચ્ચે બિઝનેસ સહયોગ વધારવા અને દ્વિપક્ષી સંબધો મજબૂત કરવા ચર્ચા થઈ હતી.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળની ઈન્ડોનેશિયાના વેપાર-વાણિજ્ય મંત્રી સાથે વિશેષ બેઠક, દક્ષિણ ગુજરાત અને ઈન્ડોનેશિયા વચ્ચે બિઝનેસ સહયોગ વધારવા ચર્ચા



ઈન્ડોનેશિયાના વેપાર મંત્રાલય હેઠળ ડિરેક્ટોરેટ જનરલ ઓફ નેશનલ એક્સપોર્ટ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત ગ્લોબલ ટ્રેડ એક્સ્પો ઈન્ડોનેશિયાની 40મી આવૃત્તિના ઉદ્દ્ઘાટન સમારોહ દરમ્યાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળને પ્રજાસત્તાક ઈન્ડોનેશિયાના વેપાર અને વાણિજ્ય મંત્રી શ્રી બુડી સાન્તોસો સાથે વિશેષ બેઠક કરવાનુ સૌભાગ્ય મળ્યું હતું. આ પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો.

આ બેઠક દરમિયાન ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ દક્ષિણ ગુજરાતની આર્થિક શક્તિ અને ઔદ્યોગિક વિવિધતાની વ્યાપક ઝલક રજૂ કરી હતી, જેમાં આ ક્ષેત્રના વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ક્ષેત્રો-કાપડ, હીરા, નવીનીકરણીય ઊર્જા અને શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે વેપાર પ્રોત્સાહન, બિઝનેસ નેટવર્કિંગ અને આંતરરાષ્ટ્રીય બજારોને ભારતીય ઉદ્યોગો સાથે જોડતા વૈશ્વિક પ્રદર્શનોને સરળ બનાવવામાં ચેમ્બરની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રી મદ્રાસીએ ઈન્ડોનેશિયાના માનનીય મંત્રી અને ઈન્ડોનેશિયાના બિઝનેસ અગ્રણીઓને મુખ્ય જાન્યુઆરી 2026માં સરસાણા ખાતે યોજાનારા ચેમ્બરના મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-ગ્લોબલ વિલેજ 2026માં ભાગ લેવા માટે ઔપચારિક આમંત્રણ આપ્યું હતું.

ઈન્ડોનેશિયાના મંત્રીએ ચેમ્બરની પહેલની ખૂબ પ્રશંસા કરી હતી અને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક સમુદાય સાથે વેપાર સહયોગને મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે વેપાર મંત્રાલય ચેમ્બરના આગામી કાર્યક્રમો દ્વારા ભારતીય સમકક્ષો સાથે ભાગીદારીની શોધ કરવા માટે ઈન્ડોનેશિયાના ઉદ્યમીઓને પ્રોત્સાહિત કરશે.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના કેડિન ચેમ્બર સાથે બંને દેશોના ધંધા - ઉદ્યોગોના લાંબા ગાળાના સંબંધો વિશે ચર્ચા કરી, બંને ચેમ્બર લાંબા ગાળાના એમઓયુ કરવા સંમત થયા



## ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાની હેઠળ ચેમ્બરનું 16 સભ્યોનું પ્રતિનિધિમંડળ ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસમાં સલાહકારને પણ મળ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ગ્લોબલ ટ્રેડ એક્સ્પો માટે ઈન્ડોનેશિયાની મુલાકાતે ગયેલા ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (કેડિન-KADIN) વચ્ચે અત્યંત ફળદાયી બેઠક યોજી હતી.

કેડિનનું પ્રતિનિધિત્વ તેના ડેપ્યુટી ચેરમેન શ્રી ફકીરચંદ દ્વારા કરવામાં આવ્યું હતું. SGCCIના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસમાં સલાહકાર (આર્થિક અને વાણિજ્ય) શ્રીમતી માલવિકા પ્રિયદર્શિની સાથે પણ મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો.

બંને ચેમ્બરોએ પોતપોતાના સંબંધિત માળખા, સભ્યપદનો આધાર અને કેન્દ્રિત ક્ષેત્રો વિશે વિગતવાર પ્રસ્તુતિઓની આપ-લે કરી હતી. શ્રી નિખિલ મદ્રાસીએ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના લાંબા સમયથી ચાલતા વેપાર સંબંધો પર ભાર મૂક્યો હતો અને કાપડ, હીરા, ખાદ્ય પ્રક્રિયા, કોલસો, મીઠું અને માળખાગત વિકાસમાં સહકાર વધારવા માટેની તકો અંગે ચર્ચા કરી હતી.



શ્રી બિજલ જરીવાલાએ બંને દેશો વચ્ચે કાપડની નિકાસ અને તકનીકી ભાગીદારીની અપાર સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યારે શ્રી મિતિશ મોદીએ કૌશલ્ય આધારિત ઉદ્યોગોને ટેકો આપવા માટે અક્ષય ઊર્જા અને શૈક્ષણિક જોડાણોમા સહયોગની શક્યતાઓ પર ચર્ચા કરી હતી.

કેડીન ચેમ્બરના વાઇસ ચેરમેન શ્રી ફકીરચંદે કેડિન અને એસજીસીસીઆઈ વચ્ચે ઔપચારિક સહયોગ શરૂ કરવામા રસ દાખવ્યો હતો, જેમા સંયુક્ત બિઝનેસ ફોરમ, વેપાર મિશન અને દ્વિપક્ષી પ્રદર્શનો પર ધ્યાન કેન્દ્રિત કરવામા આવ્યુ હતુ. તેમણે એવી પણ ખાતરી આપી હતી કે, કેડિન ઇન્ડોનેશિયામા ધંધા-ઉદ્યોગ સ્થાપિત કરવા અથવા વિસ્તરણ કરવા માંગતા SGCCIના સભ્યોને ટેકો આપશે.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયામાં જકાર્તા સ્થિત ભારતીય દૂતાવાસ સાથે બેઠક કરી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિમંડળે ઇન્ડોનેશિયામા ભારતીય દૂતાવાસમા સલાહકાર (આર્થિક અને વાણિજ્ય) શ્રીમતી માલવિકા પ્રિયદર્શિની સાથે પણ મુલાકાત કરી હતી.

શ્રી નિખિલ મદ્રાસીએ ચેમ્બરની ગ્લોબલ કનેક્ટ પહેલની માહિતી આપી અને વેપાર વિવાદોને ઉકેલવા અને ઇન્ડોનેશિયામા ભારતીય કંપનીઓ માટે સરળ બિઝનેસ કામગીરી સુનિશ્ચિત કરવા માટે સુધારેલી વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી બિજલ જરીવાલાએ ગ્લોબલ ટેક્સ્ટાઈલ હબ તરીકે સુરતની સંભાવના પર ભાર મૂક્યો તો શ્રી મિતિષ મોદીએ ભારતીય અને ઈન્ડોનેશિયાની યુનિવર્સિટીઓ વચ્ચે શૈક્ષણિક સહયોગ અને સંશોધન ભાગીદારીની ચર્ચા કરી.

શ્રીમતી માલવિકા પ્રિયદર્શિનીએ ચેમ્બરના સક્રિય જોડાણની પ્રશંસા કરી અને ઇન્ડોનેશિયાના બજારમાં કાર્યરત

અથવા પ્રવેશ કરવા માંગતા ભારતીય બિઝનેસીસને મદદ કરવા માટે દૂતાવાસની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી. તેમણે ચેમ્બરના સભ્યોને ઔપચારિક બિઝનેસ પ્રવૃત્તિઓ પહેલા વેપાર ચકાસણી અને વિવાદના સમાધાન માટે દૂતાવાસની સલાહ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ બેઠક દરમિયાન ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ દક્ષિણ ગુજરાતની આર્થિક શક્તિ અને ઔદ્યોગિક વિવિધતાની વ્યાપક ઝલક રજૂ કરી હતી, જેમાં આ ક્ષેત્રના વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ક્ષેત્રો-કાપડ, હીરા, નવીનીકરણીય ઊર્જા અને શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે વેપાર પ્રોત્સાહન, બિઝનેસ નેટવર્કિંગ અને આંતરરાષ્ટ્રીય બજારોને ભારતીય ઉદ્યોગો સાથે જોડતા વૈશ્વિક પ્રદર્શનોને સરળ બનાવવામાં ચેમ્બરની મુખ્ય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રી મદ્રાસીએ ઈન્ડોનેશિયાના માનનીય મંત્રી અને ઈન્ડોનેશિયાના બિઝનેસ અગ્રણીઓને મુખ્ય જાન્યુઆરી 2026માં સરસાણા ખાતે યોજાનારા ચેમ્બરના મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-ગ્લોબલ વિલેજ 2026માં ભાગ લેવા માટે ઔપચારિક આમંત્રણ આપ્યું હતું.

ઈન્ડોનેશિયાના મંત્રીએ ચેમ્બરની પહેલની પ્રશંસા કરી હતી અને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક સમુદાય સાથે વેપાર સહયોગને મજબૂત કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે વેપાર મંત્રાલય ચેમ્બરના આગામી કાર્યક્રમો દ્વારા ભારતીય સમકક્ષો સાથે ભાગીદારીની શોધ કરવા માટે ઈન્ડોનેશિયાના ઉદ્યમીઓને પ્રોત્સાહિત કરશે.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયામાં તાન્ઝાનિયાના પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ગ્લોબલ ટ્રેડ એક્સ્પો માટે ઈન્ડોનેશિયાની મુલાકાતે ગયેલા ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ઈન્ડોનેશિયાના પ્રતિનિધિમંડળ ઉપરાંત તાન્ઝાનિયાના ડોડોમા પ્રાદેશિક કમિશનરની કચેરીના વેપાર અને ઉદ્યોગના સહાયક વહીવટી સચિવ શ્રી મ્વાજાબુ એ. ન્યામકોમોરા સાથે પણ વાતચીત કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિશ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો.

શ્રી ન્યામકોમોરાએ દ્વિપક્ષી સહયોગને મજબૂત કરવામાં ઊંડો રસ દાખવ્યો હતો અને ખાતરી આપી હતી કે, સુરત ખાતે ગ્લોબલ વિલેજ 2026માં તાન્ઝાનિયાની સરકારનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે.

શ્રી નિખિલ મદ્રાસીએ શ્રી બિજલ જરીવાલા અને શ્રી મિતિશ મોદી સાથે કાપડની નિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જા, શિક્ષણ અને ઔદ્યોગિક ઉપકરણોના પુરવઠા જેવા સંભવિત સહયોગના ક્ષેત્રો પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં તાન્ઝાનિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખે ભારત અને તાન્ઝાનિયા વચ્ચે વેપાર અને રોકાણના આદાનપ્રદાનને સરળ બનાવવા માટે એસજીસીસીઆઈ સાથે સંસ્થાકીય સંબંધોને ઔપચારિક બનાવવામાં રસ દાખવ્યો હતો.

# ચેમ્બરના પ્રતિનિધિમંડળે ગુજરાતના નવનિયુક્ત ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વમાં ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ ખજાનચી સીએ મિતિષ મોદી સહિત ચેમ્બરના પ્રતિનિધિમંડળે ગુજરાત રાજ્યના નવ નિયુક્ત ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના સન્માન સમારોહમાં હાજરી આપી હતી. ચેમ્બરના પ્રતિનિધિમંડળે શ્રી હર્ષભાઈ સંઘવીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

# MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવામાં ન આવે તે માટે નવી દિલ્હી ખાતે નીતિ આયોગ સમક્ષ ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી સહિતના પ્રતિનિધિમંડળે બુધવાર, તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે નીતિ આયોગના પ્રોગ્રામ ડિરેક્ટર અને લીન્ક CVO તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની એડવાઇઝરી ટીમના સભ્ય શ્રી સંજીત સિંઘને રૂબરૂ મળીને Mono Ethylene Glycol (MEG) ના આયાત પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી (Anti-Dumping Duty) લગાડવામાં ન આવે તેવી વિગતવાર રજૂઆત કરી હતી.

ઉપરોક્ત રજૂઆતમાં પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપેરલ ઇન્ડસ્ટ્રી એસોસિએશનના સેક્રેટરી જનરલ શ્રી આર.કે. વીજ, NITMA ના શ્રી પંકજ, Indo Ramaના શ્રી લોહિયા અને ડેનિમ મેન્યુફેક્ચરર્સ એસોસીએશનના શ્રી ગગનદિપ પણ જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સે રજૂઆતમા જણાવ્યું હતુ કે, ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (DGTR) દ્વારા તા. 23 સપ્ટેમ્બર, 2025ના રોજ જાહેર કરાયેલ અંતિમ નિષ્કર્ષ (F. No. 6/34/2024-DGTR) મુજબ MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાડવાની ભલામણ કરવામાં આવી છે. જો આ ડ્યુટી લાગુ કરવામા આવે તો તે મેન મેઈડ ફાઇબર (MMF) આધારિત ટેક્સટાઇલ ઉદ્યોગ – જેમ કે યાર્ન, ફિલામેન્ટ, ફેબ્રિક અને ગારમેન્ટ્સના ઉત્પાદકો પર ગંભીર નકારાત્મક અસર પડશે.

ચેમ્બરે રજૂઆતમાં જણાવ્યુ હતુ કે, હાલ ભારતમાં MEGની કુલ માંગ આશરે 31 લાખ મેટ્રિક ટન જેટલી છે, જ્યારે સ્થાનિક ઉત્પાદન માત્ર 19 લાખ મેટ્રિક ટન જેટલુ છે, આ રીતે અંદાજે 12 લાખ મેટ્રિક ટનનો અભાવ છે. દેશમાં MEGના માત્ર ત્રણ જ ઉત્પાદકો છે. તાજેતરમાં MEG પર લાગુ કરાયેલા Quality Control Order (QCO) મુજબ હવે માત્ર BIS પ્રમાણપત્ર ધરાવતી કંપનીઓ પાસેથી જ MEG આયાત કરી શકાય છે, જેના કારણે આયાત પહેલેથી જ મર્યાદિત થઇ ગઇ છે. QCO લાગુ થયા બાદ ઉત્પાદકોએ ભાવમાં વધારો કર્યો છે. MEGમાં આશરે Rs. 1.5 થી Rs. 2 પ્રતિ કિલો અને PTAમાં Rs. 4 થી Rs. 5 પ્રતિ કિલો સુધીનો વધારો થયો છે.

હવે DGTR દ્વારા નીચે મુજબની એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવામાં આવી છે:

(i) USD 103 per Ton – Rs.9.00 per kg on Equate (Kuwait)

(ii) USD 113 per Ton - Rs 10.0 per kg on Sabic (Saudi Arabia)

(iii) USD 137 per Ton - Rs 12.0 per kg on Singapore.

ચેમ્બરના જણાવ્યા મુજબ, આ વધારાથી MSME ટેક્સટાઇલ યુનિટ્સ, જે પહેલેથી જ 7-8%ના નફા પર કાર્યરત છે, તેમની પર વધારાનો આર્થિક બોજો પડશે અને ઘણા યુનિટ્સ બંધ થવાની પરિસ્થિતિ ઊભી થઇ શકે છે. આ ઉપરાંત MMF, યાર્ન, ફિલામેન્ટ, ફેબ્રિક અને ગાર્મેન્ટ્સના ભાવમાં વધારો થશે. ગ્રાહકોને આપવામાં આવેલ GST ઘટાડાનો લાભ નાબૂદ થઇ જશે. રો મટિરિયલની જગ્યાએ તૈયાર માલની આયાત વધશે. રોજગારીમાં ઘટાડો થશે અને રૂ. 20,000 કરોડ જેટલી નવી મૂડીરોકાણની યોજના, જેમાં PLI સ્કીમનો પણ સમાવેશ છે તે ખોરવાઈ જશે.

ચેમ્બરે જણાવ્યું હતું કે, અમેરિકાએ તાજેતરમાં ભારતના ટેક્સટાઇલ પર 50% ટેરિફ લગાવ્યા છે, જેના કારણે ઉદ્યોગ પહેલેથી જ મુશ્કેલીમાં છે. આ પરિસ્થિતિમાં MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવાથી ટેક્સટાઇલ ઉદ્યોગ વધુ મુશ્કેલીમા મૂકાઈ જશે અને રોજગારીની તકો ઘટશે.

આવા સંજોગોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા નીતિ આયોગને વિનતી કરવામાં આવી છે કે, તેઓ વિત્ત મંત્રાલયને ભલામણ કરે કે DGTR દ્વારા સૂચવાયેલ MEG પરની એન્ટી ડમ્પિંગ ડ્યુટી સ્વીકારવામાં ન આવે, જેથી સ્થાનિક ટેક્સટાઇલ અને MSME ઉદ્યોગોને રાહત મળી રહે અને નવા રોજગારીના અવસરો સર્જાઈ શકે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાયેલી રજૂઆત નીતિ આયોગના પ્રોગ્રામ ડિરેક્ટર અને લીન્ક સીવીઓ શ્રી સંજીત સિંઘે શાંતિપૂર્વક સાંભળી હતી અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ પર પડનારી માઠી અસર વિષે વિસ્તૃત ચર્ચા કરી આ મામલે યોગ્ય ઘટતું કરવાની ખાત્રી ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળને આપી હતી.

# સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર મુસાફરોને થતી તકલીફો અંગે ચેમ્બર દ્વારા ભારતના કેન્દ્રીય રેલવે મંત્રીશ્રીને રજૂઆત કરાઇ



# કેન્દ્રીય રેલવે મંત્રીશ્રીને ચેમ્બરના સભ્યો સાથે 'ઓપર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઈન્ડિયન રેલવેઝ' વિષે ઈન્ટરેક્ટિવ સેશનમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના કો-ચેરમેન શ્રી અતુલ પટેલ સહિતના પ્રતિનિધિમંડળે ભારતના કેન્દ્રિય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર મુસાફરોને પડતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે તથા દિવાળી દરમ્યાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે સુરત – સૌરાષ્ટ્ર વચ્ચે હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા માટે વિગતવાર રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલવે મંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યુ હતુ કે, સુરત શહેર રાષ્ટ્રીય સ્તરે એક મહત્વપૂર્ણ વેપાર અને પરિવહનનુ કેન્દ્ર છે, તેમ છતાં સુરત અને ઉધના બંને રેલવે સ્ટેશનો પર મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓમા અનેક ખામીઓ જોવા મળે છે, જેને તાત્કાલિક ધોરણે સુધારવાની જરૂર છે.

ઉધના રેલવે સ્ટેશને યોગ્ય પાર્કિંગ સુવિધાનો અભાવ હોવાથી વાહનો પાર્ક કરવા મુશ્કેલી પડે છે અને તેને કારણે ટ્રાફિક જામ થાય છે. પાર્કિંગ ઝોનની આસપાસ અનધિકૃત રિક્ષા અને અસામાજિક તત્વોના કારણે મુસાફરોમા અસુરક્ષાની લાગણી ફેલાય છે. પ્લેટફોર્મ વચ્ચે સલામત કનેક્ટિવિટીનો અભાવ હોવાથી ખાસ કરીને વૃદ્ધ અને દિવ્યાંગ મુસાફરો માટે મુશ્કેલી ઉભી થાય છે. પોર્ટર સેવા નિયમનની અછત હોવાથી વધારે ચાર્જ ચૂકવવો પડતો હોવાથી અનેક ફરિયાદો મુસાફરો તરફથી મળે છે. આ ઉપરાંત, સીનિયર સિટિઝન માટે સુવિધાઓનો અભાવ અને પ્લેટફોર્મ પર શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે.

એવી જ રીતે સુરત રેલવે સ્ટેશને પ્લેટફોર્મ ન. ૨, ૩ અને ૪ ખાતે શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે. પ્લેટફોર્મ ન. ૨ અને ૩ ખાતે એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વૃદ્ધ, ગર્ભવતી મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરોને મુશ્કેલી પડે છે. સુરત રેલવે સ્ટેશને પણ પૂરતી પાર્કિંગની અછત અને અવ્યવસ્થાને કારણે વાહન વ્યવહારમા મુશ્કેલી ઉભી થાય છે. અગાઉ ઉપલબ્ધ સીનિયર સિટિઝન માટેની ઈલેક્ટ્રિક વાહન સેવા (ઇવી સર્વિસ) બંધ કરી દેવામાં આવી છે, જે તાત્કાલિક ફરી શરૂ કરવાની જરૂર છે.

ચેમ્બર દ્વારા સુરત રેલવે સ્ટેશને નિયમિત અને વ્યવસ્થિત રિક્ષા સેવા શરૂ કરવાની માગ કરવામા આવી હતી, જેમ કે દિલ્હી, બેંગલુરુ અને તિરુઅનંતપુરમ જેવા મોટા સ્ટેશનો પર આ સેવા ઉપલબ્ધ છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલવે મંત્રીને વિનંતી કરવામા આવી હતી કે, સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓમા તાત્કાલિક સુધાર કરવામા આવે. પ્લેટફોર્મ પર છાયડો, પાર્કિંગ વિસ્તરણ, એસ્કેલેટરની સુવિધા, સિનિયર સિટિઝન સુવિધા પુનઃસ્થાપિત કરવી તથા અસામાજિક તત્વો પર નિયંત્રણ જેવી કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી.

આ ઉપરાંત, ચેમ્બર દ્વારા રેલવે મંત્રીશ્રીને સુરત શહેરમાંથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરો જેવા કે રાજકોટ, ભાવનગર, જામનગર, મહુવા, ગાંધીધામ વગેરે માટે દિવાળી વેકેશન દરમિયાન હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની પણ વિનંતી કરવામાં આવી હતી. દિવાળી દરમિયાન વધતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની ટ્રેનો શરૂ કરવામાં આવે તેમજ આ ટ્રેનોને ઉત્રાણ રેલવે સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવે, જેથી સુરત અને ઉધના રેલવે સ્ટેશન પરથી મુસાફરોનો ધસારો ઓછો થાય.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભારતના કેન્દ્રિય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને સુરતની મુલાકાત લઈ ચેમ્બરના સભ્યો સાથે 'ઓપોર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઇન્ડિયન રેલવેઝ' વિષે ઈન્ટરેક્ટિવ સેશનમા ભાગ લેવા માટે આમંત્રણ પાઠવ્યુ હતુ.

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાયેલી રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી હતી અને તાત્કાલિક જરૂરી પગલા લેવા બાબતે અધિકારીઓને સૂચના આપવાની ખાત્રી આપી હતી. ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યુ કે, ચેમ્બર ઓફ કોમર્સ હમેશા સુરત શહેરના વિકાસ અને શહેરીજનોના હિત સંબંધિત મુદ્દાઓ માટે સક્રિય રીતે રેલવે વિભાગને સહયોગ આપતુ રહેશે.

# ચેમ્બરે ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ વિભાગ તેમજ ટેક્ષ્ટાઇલ મંત્રાલયને અપીલ કરી કે MEG (મોનો-ઈથેનોલ ગ્લાયકોલ), જે પોલિએસ્ટર યાર્ન ઇત્પાદન માટેનું બેઝિક રો-મટિરિયલ છે તેના પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ નાણાં મંત્રાલય દ્વારા સ્વીકારવામાં ન આવે



## ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી સહિતના પ્રતિનિધિમંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો-કેમિકલ વિભાગના સેક્રેટરી સુશ્રી નિવેદિતા શુકલા અને જોઈન્ટ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી સાથે રૂબરૂ મુલાકાત કરી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ તા. ૦૯ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ્સ વિભાગના સેક્રેટરી સુશ્રી નિવેદિતા શુક્લા તથા ભારત સરકારના જોઈન્ટ ટેક્ષ્ટાઈલ સેક્રેટરી સુશ્રી પદ્મિની શિંગલા અને મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઈલના રિયા ગુપ્તા સાથે રૂબરૂ મુલાકાત કરી MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણનો સ્વીકાર નહીં કરવામાં આવે તે અંગે રજૂઆત કરી હતી. આ મિટીંગમાં સમગ્ર ભારતના MMF ટેક્ષ્ટાઈલના એસોસિએશનો SGCCI ઉપરાંત CITI, PTA યુઝર્સ તથા અન્ય એસોસિએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ મિટીંગમાં ડીજીટીઆર (DGTR) દ્વારા તા. ૨૩-૦૯-૨૦૨૫ ના રોજ ફાઈનલ ફાઈન્ડિંગમાં કુવૈત, સાઉદી અરબ અને સિંગાપોરથી આયાત થતા MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવામાં આવી હતી. જે ભલામણનો સ્વીકાર




નહી કરવામા આવે તેવો અભિપ્રાય ભારત સરકારના કેમિકલ તથા પેટ્રો કેમિકલ વિભાગ તથા ટેક્ષ્ટાઈલ મંત્રાલય દ્વારા નાણા મંત્રાલયને કરવામાં આવે તેવી રજૂઆત કરવામા આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ વતી કરવામા આવેલ રજૂઆતમાં જણાવવામાં આવ્યુ છે કે, ભારત સરકાર દ્વારા MEG પર જુલાઈ-૨૦૨૩ થી જ QCO ઓર્ડર લાગુ કરવામાં આવ્યો છે, તેથી ભારતમાં MEGના ભાવ વિશ્વ બજાર કરતાં રૂ. ૧.૫ (દોઢ) થી રૂ. ૨ (બે) વધુ છે. ભારતમાં MEG ની કુલ ડિમાન્ડ ૩૧ લાખ મેટ્રિક ટન છે. જેની સામે ભારતમા ૧૯ લાખ મેટ્રિક ટન MEG ઉત્પાદન છે, તેથી ૧૨ લાખ મેટ્રિક ટન જેટલુ MEG આયાત કરવામા આવે છે. ડીજીટીઆર દ્વારા તેઓના ફાઈનલ ફાઈડિંગમા કુવૈતથી આયાત થતા MEG પર ૧૦૩ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાવવામા આવે છે, તેમજ સાઉદી અરબથી આયાત થતા MEG પર ૧૧૩ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન અને સિંગાપોરથી આયાત થતા MEG પર ૧૩૭ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન એન્ટી ડમ્પિંગ ડ્યુટી અમલી બને છે.

આ એન્ટી ડમ્પિંગ ડ્યુટીની અસર ભારતમા પ્રતિ કિલોગ્રામ MEG ઉપર રૂ. ૯ થી ૧૨ સુધી પડવાની સંભાવના છે. હાલમાં જ ભારત સરકાર દ્વારા જીએસટી ૨.૦ લાગુ કરવામાં આવ્યું છે, જેમાં યાર્ન ઉપર લાગતું જીએસટી ૧૨% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યુ છે. જો એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવામાં આવે તો જીએસટી ઘટાડાનો લાભ ઉદ્યોગકારોને નહી થશે, જેની ગંભીર અસર ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે વિવિંગ અને નિટીંગ ક્ષેત્રે પડી શકે છે અને યાર્ન ઉત્પાદન ક્ષેત્રે રૂ. ૨૦ હજાર કરોડનુ રોકાણ આવવાની સંભાવના છે, તેના પર પણ બ્રેક લગાવી શકે છે.

ઉપરોક્ત પરિસ્થિતીને ધ્યાને લઈને ચેમ્બરના પ્રતિનિધિમંડળ દ્વારા MEG પર એન્ટી ડમ્પિંગ ડ્યુટીની જે ભલામણ કરવામા આવેલ છે, તેનો સ્વીકાર નહી કરવા બાબતની ભલામણ ભારત સરકારના કેમિકલ અને પેટ્રો કેમિકલ વિભાગ તથા ટેક્ષ્ટાઈલ મંત્રાલય અને નાણા મંત્રાલયને કરે તેવી વિનંતિ કરવામા આવેલ છે.

# સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવાની ચેમ્બરની AAICLASના સીઈઓ શ્રી અજય ભારદ્વાજ સમક્ષ રજૂઆત




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કાર્ગો લોજિસ્ટિકસ એન્ડ એલાઈડ સર્વિસિસ કંપની લિમિટેડ (AAICLAS)ના સીઈઓ શ્રી અજય ભારદ્વાજ અને સુરત એરપોર્ટ ડિરેક્ટર શ્રી એ.એન. શર્માની ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, એપીએમસીના વાઈસ ચેરમેન શ્રી હર્ષદ પટેલ અને ડિરેક્ટર શ્રી બાબુભાઈ શેખ તથા ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજીવ ગાંધી, ચેમ્બરની એવિએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ, કમિટી એડવાઈઝર શ્રી મનોજ સિંગાપુરી અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવાની રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરતથી હાલમાં મોટા પાયે વાયા મુંબઈ થઈને હીરા, જ્વેલરી અને ઝીંગાનું એક્ષ્પોર્ટ થાય છે. સુરત એરપોર્ટથી ઈન્ટરનેશનલ કાર્ગો શરૂ થશે તો એક્ષ્પોર્ટને વધુ વેગ મળશે અને એક્ષ્પોર્ટરોને સમય તેમજ ખર્ચ બંનેમાં રાહત મળશે. સુરતના ઉદ્યોગો અને વેપારીઓના વધતા એક્ષ્પોર્ટ વ્યવહારને ધ્યાનમાં રાખીને સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ કાર્ગો સેવાની તાતિ જરૂરિયાત છે, આથી વહેલી તકે આ સેવા શરૂ કરવા તેમણે AAICLASના સીઈઓ શ્રી અજય ભારદ્વાજને રજૂઆત કરી હતી.

ચર્ચા દરમિયાન એપીએમસીના પ્રતિનિધિઓએ જણાવ્યુ હતુ કે, હાલમાં દર મહિને આશરે ૧૦૦૦ ટન શાકભાજી અને ફળો સુરતમાંથી વાયા મુંબઈ એક્ષ્પોર્ટ થાય છે, પરંતુ જો સુરત એરપોર્ટ પર ઇન્ટરનેશનલ કાર્ગો સેવા શરૂ કરવામાં આવે તો તેઓએ દર મહિને ૧૦૦૦ ટન શાકભાજી અને ફળોનું સીધુ સુરતથી એક્ષ્પોર્ટ કરવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે AAICLASના સીઈઓ શ્રી અજય ભારદ્વાજે સુરત એરપોર્ટના વિકાસને અનુકૂળ પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે, ટેકનિકલ અને પ્રોસિજરલ બાબતોની સમીક્ષા કર્યા બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે.

સુરત એરપોર્ટ ડિરેક્ટર શ્રી એ.એન. શર્માએ સુરત એરપોર્ટના વધતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ ક્ષમતા અંગે ચર્ચા કરતા ઇન્ટરનેશનલ કાર્ગો સર્વિસ માટે જરૂરી તંત્ર અને પ્રક્રિયાઓ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

# ટેક્સટાઇલ ક્ષેત્રના હિતમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા નવી દિલ્હી ખાતે સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે રજૂઆત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને ચેમ્બરની ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર તથા ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેક્સટાઇલ કમિશનર શ્રી એસ.પી. વર્માએ બુધવાર, તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી સ્થિત સંસદ ભવનના પાર્લામેન્ટરી એનેક્સી બિલ્ડિંગ ખાતે યોજાયેલી સંસદીય ઉદ્યોગ સમિતિ (Parliamentary Committee on Industries)ની બેઠકમાં ઉપસ્થિત રહી ટેક્સટાઇલ ક્ષેત્રના હિતમાં વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

શ્રી અશોક જીરાવાલા અને શ્રી એસ.પી. વર્માએ સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી કે, યુએસ ટેરિફના કારણે ટેક્સટાઇલ MSME ઉદ્યોગો સામે ઉભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે સરકાર દ્વારા તાત્કાલિક પગલા લેવા જરૂરી છે.

તેમણે ખાસ કરીને સમિતિને જણાવ્યું હતું કે, ક્યુસીઓ (QCO) હેઠળ આવતા એવા કાચા માલ (જેમ કે MMF ફાઇબર અને ફિલામેન્ટ યાર્ન) તથા મશીનો, જે ભારતમાં બનતા નથી અથવા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી, તેના પરના પ્રતિબંધો દૂર કરવામાં આવે. એન્ટી-ડમ્પિંગ ડ્યુટી જે હાલ MMF યાર્ન અથવા તેના કાચા માલ (MEG અને PTA) તથા વિસ્કોસ યાર્ન પર લાગુ છે, તેને દૂર કરવામાં આવે. MEG અને PTA પરના શુલ્કમાં ઘટાડો કરવામાં આવે, જેથી MMF યાર્ન સસ્તા દરે ઉપલબ્ધ થઈ શકે.

યુએસમાં એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે નિકાસ પ્રોત્સાહન (Export Incentives)માં વધારો કરવામાં આવે, જેથી MSME ઉદ્યોગો યુએસ ટેરિફનો સામનો કરી શકે. એવા દેશો ઓળખી શકાય જ્યાં વસ્તી તથા ખરીદ શક્તિ વધુ હોય અને આગામી ત્રણ મહિનામાં સરકાર તરફથી ટેક્સટાઇલ અને એપેરલની માંગ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરીને બધા ટેક્સટાઇલ ક્લસ્ટર્સને આપવામાં આવે, જેથી તેઓ સંબંધિત દેશોની માંગ મુજબના સેમ્પલ્સ અને પ્રોડક્ટ્સ તૈયાર કરી શકે.

ભારતીય દૂતાવાસોને (Embassies) નિર્દેશ આપવામાં આવે કે, તેઓ સંબંધિત દેશોમાં એક્સપોર્ટને વધારવા માટે હેન્ડહોલ્ડ સપોર્ટ પૂરો પાડે. ટેક્સટાઇલ ઉત્પાદકો માટે એવો લિગલ વાયારૂટ (via route) સૂચવવામાં આવે કે જેના માધ્યમથી તેઓ કાયદેસર રીતે યુએસ માર્કેટમાં સપ્લાય કરી શકે. યુએસમાં એક્સપોર્ટ માટે RoDTEP દરમાં વધારો, 10% ડ્યુટી ડ્રોબેક, તેમજ 5% વ્યાજની પરતફેર (Interest Reimbursement) જેવી સહાય એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (ECGC) મારફતે આપવામાં આવે.

આ ઉપરાંત, ટેક્સટાઇલ ક્ષેત્રે MSME ઉદ્યોગો માટે મૂડીની ચૂકવણી પર બે વર્ષનો મોરેટોરિયમ તથા 30% કોલેટરલ-ફ્રી લોનની સુવિધા પણ ECGC મારફતે આપવામાં આવે, એવી રજૂઆત કરાઇ હતી.

શ્રી અશોક જીરાવાલા અને શ્રી એસ.પી. વર્માએ સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ વિસ્તૃત છણાવટ કરતા જણાવ્યું હતું કે, યુએસ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના કારણે MSME ઉદ્યોગો પર ગંભીર અસર પડી રહી છે. જો સરકાર સમયસર જરૂરી પગલા લે તો સુરત સહિત સમગ્ર દેશના ટેક્સટાઇલ ઉદ્યોગોને મોટું સંરક્ષણ મળશે અને એક્સપોર્ટમાં સ્થિરતા આવશે.

# ચેમ્બર ઓફ કોમર્સ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' વિષય પર સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ગુરુવાર, તા. ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન' વિષય પર સેશન યોજાયું હતું.

આ સેશનમાં પેનલ ડિસ્કશનમાં ડૉ. પારુલ વડગામા, સુશ્રી આરતી ગંગવાલ, સુશ્રી શ્રદ્ધા શાહ રાજ, સુશ્રી સુરુચિ અગરવાલ અને ડૉ. ધ્વનિ પટેલે મહિલાઓના સ્વાસ્થ્ય માટે ઉપયોગી એવી માહિતી પૂરી પાડી હતી.

ડૉ. કાજલ માંગુકિયાએ પ્રિ-મેરેજ કાઉન્સિલીંગ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભવિષ્યમાં સ્વસ્થ પરિવાર માટે જરૂરી છે કે, મેરેજના પહેલા બંનેના હેલ્થ સંબંધિત રિપોર્ટસ કરાવવા જોઈએ. લગ્નના ૬ મહિના પહેલા પ્રિ-મટિરિયલ રિપોર્ટ્સ કરાવવા વધુ યોગ્ય છે. આ રિપોર્ટસમાં બ્લડ રિપોર્ટ, થાયરોઈડ, હેપિટાઈટિસ- બી, હેપિટાઈટિસ-સી, જેનેટિક અને ઈન્ફેક્શન સંબંધિત રિપોર્ટસ તેમજ રૂબેલા ઈમ્યુનિટી ટેસ્ટ કરાવવામાં આવે છે. એજ્યુકેશન, અવેરનેસ અને વર્ક કલ્ચરના કારણે વ્યક્તિના જીવનમાં અનેક બદલાવો આવી રહ્યા છે. હાલમાં Vaginismus ના દૈનિક ૫ થી ૧૦ કેસો સામે આવ્યા છે.'

ડૉ. સોનિયા ચંદાનીએ જણાવ્યું હતું કે, 'દેશની ૭૦% વસ્તી જરૂરિયાત કરતા ઓછું ન્યુટ્રિશિયન લે છે. દેશમાં મહિલાઓમાં લોહીની અછત અને એનીમિયાની સમસ્યા હોવાના અનેક કેસો છે. નાના બાળકોને એક વર્ષ સુધી ખાંડ (સુગરની) વસ્તુઓથી દૂર રાખવું જોઈએ, તેઓને માત્ર ફળો અને પોષણક્ષમ આહાર આપવો જોઈએ. મહિલાઓ માટે પોષણ માત્ર આરોગ્ય માટે જ નહિ પરંતુ જીવનની ગુણવત્તા, ભવિષ્યની પેઢીની તંદુરસ્તી અને લાંબા આયુષ્ય માટે અત્યંત જરૂરી છે. મહિલાઓ પીસીઓએસ માટે દૂધ, દહીં, પનીર, ઘી, સીડ્સ, ફ્રુટ્સ અને ડ્રાયફ્રુટ્સ સૌથી સારો આહાર ગણાય છે.'

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ ચેમ્બરના કાર્યો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પબ્લિક હેલ્થ કમિટીના સભ્યશ્રીઓ તેમજ મહિલાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સુશ્રી કિંજલ જૈને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી હર્ષિત હેમનાનીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# થાઈલેન્ડ-ઈન્ડિયા બિઝનેસ કનેક્ટ : પાવર, ઓટોમોબાઈલ અને હોસ્પિટાલિટી સિનર્જીસ વિષે સેમિનાર




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ થાઈલેન્ડ-ઈન્ડિયા બિઝનેસ કનેક્ટ પાવર, ઓટોમોબાઈલ અને હોસ્પિટાલિટી સિનર્જીસ વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં થાઈલેન્ડના બેંગકોક સ્થિત ગ્રેસ પ્રોડક્ટસ કંપની લિમિટેડના સીઈઓ અને ફાઉન્ડર સુશ્રી પૂર્ણાસુગંધા વિભુસનાપોર્નએ સુરતના ઉદ્યોગ સાહસિકોને થાઈલેન્ડમાં વિવિધ ક્ષેત્રે રહેલી વ્યાપાર - ઉદ્યોગની તકો વિષે જાણકારી આપી હતી.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ઈન્ડો થાઈ ચેમ્બરના પ્રેસિડેન્ટ શ્રી રોહિત મહેતાએ જણાવ્યું હતુ કે, આ કાર્યક્રમનો હેતુ ભારત અને થાઈલેન્ડ વચ્ચે ઔદ્યોગિક સહકાર, રોકાણની તકો અને ટેક્નોલોજીકલ ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો હતો. ચેમ્બર હંમેશા આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધો મજબૂત કરવા માટે પ્રયત્નશીલ રહ્યું છે. આ પ્રકારના બિઝનેસ કનેક્ટ કાર્યક્રમો દ્વારા સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે નેટવર્કિંગ અને સહકારની તક મળે છે.

થાઈલેન્ડના બેંગકોક સ્થિત ગ્રેસ પ્રોડક્ટસ કંપની લિમિટેડના સીઈઓ અને ફાઉન્ડર સુશ્રી પૂર્ણાસુગંધા વિભુસનાપોર્નએ જણાવ્યુ હતુ કે, થાઈલેન્ડ અને ભારત વચ્ચે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે વિશાળ સંભાવનાઓ છે. ખાસ કરીને પાવર, ઓટોમોબાઈલ અને હોસ્પિટાલિટી જેવા ક્ષેત્રોમા સયુક્ત રોકાણ અને ટેક્નોલોજી એક્સચેન્જ દ્વારા બને દેશોના ઉદ્યોગો વધુ મજબૂત બની શકે છે.

ઈન્ડો થાઈ ચેમ્બરના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાકેશ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, થાઈલેન્ડના ઉદ્યોગપતિઓ ભારતના વિકસતા માર્કેટ, ખાસ કરીને ગુજરાતના મજબૂત ઔદ્યોગિક માળખા સાથે ભાગીદારી કરવા આતુર છે. સુરતની ઔદ્યોગિક ક્ષમતાઓ અને નવીનતા માટેની તત્પરતા વિદેશી રોકાણ માટે આદર્શ માહોલ પૂરું પાડે છે.

SGCCI ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે જણાવ્યું હતુ કે, સુરતના એમએસએમઈ ઉદ્યોગો માટે થાઈલેન્ડ જેવા ઔદ્યોગિક રાષ્ટ્રો સાથે સહયોગના માર્ગ ખુલવાથી સુરતથી એક્ષ્પોર્ટ વધારવાની અને નવી ટેક્નોલોજી અપનાવવાની તકો વધશે.

ચેમ્બરની ગ્લોબલ કનેક્ટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મઘાણીએ સેમિનારનુ સંચાલન કર્યું હતુ. આ સેમિનારમા ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, ટ્રેડ પ્રતિનિધિઓ તથા ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાન્સ અને ટ્રાવેલ થેરેપી પર અવેરનેસ સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ડાન્સ અને ટ્રાવેલ થેરેપી' પર અવેરનેસ સેશન યોજાયુ હતું, જેમાં માઈન્ડફૂલ માઈન્ડના સંસ્થાપક શ્રી અરૂણ રાજ અને Tapperz ડાન્સ સ્કૂલના સંસ્થાપક સુશ્રી શ્રદ્ધા શાહે જીવનમાં ડાન્સ અને ટ્રાવેલ થેરેપીનું મહત્વ વિશે સમજ આપી હતી.

સુશ્રી શ્રદ્ધા શાહે જણાવ્યું હતુ કે, 'ડાન્સ થેરેપી એટલે સંગીતના તાલે શરીરની સ્વાભાવિક ચળવળ દ્વારા મન, શરીર અને આત્માને જોડવાની પ્રક્રિયા, તેને ડાન્સ મુવમેન્ટ થેરેપી તરીકે પણ ઓળખવામાં આવે છે. ડિપ્રેશન, ચિંતા અથવા PTSD ધરાવતા લોકો, આત્મવિશ્વાસમાં ઘટાડો અનુભવતા વ્યક્તિઓ, બાળકો અને વૃદ્ધો માટે ભાવનાત્મક સંતુલન માટે તેમજ શારીરિક સક્ષમતા ધરાવતા વ્યક્તિઓ માટે ડાન્સ મુવમેન્ટ થેરેપી મહત્વની હોય છે.' ક્રિએટિવ મુવમેન્ટ થેરેપી, ઈમ્પ્રોવિઝેશનલ ડાન્સ થેરેપી, ગ્રુપ ડાન્સ થેરેપી અને એક્સપ્રેસિવ આર્ટ થેરેપી થકી જીવનમા રહેલ ખરાબ પરિસ્થિતિઓથી દૂર કેવી રીતે રહી શકાય તે અંગે તેમણે માહિતી આપી હતી.

શ્રી અરૂણ રાજે જણાવ્યું હતુ કે, 'તણાવમાંથી મુક્તિ મેળવવામાં, મનને શાંત કરવા તેમજ નવી પ્રેરણા તથા આનંદની અનુભૂતિ કરવામાં પ્રવાસ મદદરૂપ થાય છે. પ્રવાસ (ટ્રાવેલ) એ એક પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિ છે. પ્રવાસના કારણે માનસિક સ્વાસ્થ તેમજ શારીરિક તંદુરસ્તી સુધરે છે, આત્મવિશ્વાસ અને સ્વ-જાગૃતિ વધે છે, ક્રિએટિવિટી વધે છે તેમજ સામાજિક અને ભાવનાત્મક જોડાણ મજબૂત બને છે. સતત તાણ અથવા ડિપ્રેશન અનુભવતા લોકો, જીવનમાં ઉત્સાહ ગુમાવી ચૂકેલા લોકો તેમજ નવું શીખવા અથવા પોતાને શોધવા ઈચ્છતા યુવાનો માટે પ્રવાસ (ટ્રાવેલિંગ) ખૂબ જ ઉપયોગી નીવડે છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, 'જ્યારે આપણે રોજિંદા તણાવ, નકારાત્મક વિચારો અથવા એકરૂપ જીવનમાંથી બહાર નીકળી નવી જગ્યાએ જઈએ છીએ, ત્યારે મગજમાં નવા ન્યુરલ કનેક્શન સર્જાય છે. તેમાંથી ડોપામિન અને સેરોટોનિન જેવા હેપ્પીનેસ હાર્મોન્સ સક્રિય થાય છે, જેથી મન પ્રસન્ન રહે છે. ટ્રાવેલ થેરેપીના પ્રકારોમાં નેચર થેરેપી ટ્રાવેલ, એડવેન્ચર ટ્રાવેલ થેરેપી, સાંસ્કૃતિક ટ્રાવેલ થેરેપી, સ્પિરિચ્યુઅલ ટ્રાવેલ થેરેપી અને વેલનેસ ટ્રાવેલ થેરેપીનો સમાવેશ થાય છે.'

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતુ. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા તેમજ પબ્લિક હેલ્થ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કમિટીના કો-ચેરપર્સન ડો. ભાવિની દિક્ષીતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતુ તેમજ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ચેમ્બર અને ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ.ના સંયુક્ત ઉપક્રમે 'હેલ્થ કોન્ક્લેવ ૨૦૨૫' યોજાઈ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ. ના સંયુક્ત ઉપક્રમે રવિવાર, તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, સહકાર ભવન, સરથાણા, સુરત ખાતે 'હેલ્થ કોન્ક્લેવ ૨૦૨૫' યોજાઈ હતી, જેમાં વિવિધ વિષયો ઉપર તજ્જ્ઞ ડોક્ટરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને ચેમ્બરના કાર્યો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ. ના ડાયરેક્ટર શ્રી કાનજી ભાલાળાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

ડો. ઉષા માણિયાએ પીરિયડ્સ, પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, 'સમગ્ર મહિના દરમિયાન મહિલાઓએ યોગ્ય પ્રમાણમાં પોટેશિયમયુક્ત અને પોષણક્ષમ ખોરાક લીધો હોય તો પીરિયડ્સ દરમિયાન વધુ મુશ્કેલીઓ નથી થતી. પીરિયડ્સ દરમિયાન થતાં દુખાવામાંથી રાહત મેળવવા માટે મહિલાઓએ વજ્રાસન, ધનુરાસન અને સૂર્ય નમસ્કાર જેવા યોગ દરરોજ કરવા જોઈએ. PCOS/PCOD અંગેની તપાસ કરાવી લેવી જોઈએ.'



ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ. ના ડિરેક્ટર શ્રી કાનજી ભાલાળા



ડો. ઉષા માણિયા



ડો. મુકુલ ચોકસી



ડો. ભરત જીવાણી



ડો. નિલેશ પરષોત્તમ

ડો. મુકુલ ચોકસીએ સ્ટ્રેસ રિલીફના ઉપાયો જણાવતા કહ્યુ કે, 'શહેરમાં કોવિડ પહેલા દૈનિક ૨ થી ૩ સ્યુસાઈડના કેસ આવતા હતા, જે હાલમાં દૈનિક સરેરાશ ૪ થઈ ગયા છે. અગાઉ ૫૫ થી ૬૦ વર્ષથી વધુના લોકો સ્યુસાઈડ કરતા હતા, પરંતુ હાલમાં ૨૦ થી ૩૦ વર્ષ દરમિયાનના યુવાઓ સ્યુસાઈડ કરી રહ્યા છે. ગત ૨૫ વર્ષમાં વ્યક્તિગત સ્યુસાઈડની સાથે જ સામૂહિક સ્યુસાઈડના પ્રમાણમાં પણ વધારો થયો છે.'

ડો. ભરત જીવાણીએ ઘૂંટણના ઘસારાઓ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ઊંમર વધવાના કારણે, વજન વધુ હોવાના કારણે, પહેલા ઈજા અથવા સર્જરી, વારસાગત અને સતત એક જ પ્રકારનું કામ કરવાના કારણે ઘૂંટણનો ઘસારો થાય છે. કેલ્શિયમ અને વિટામિન-ડીથી ભરપૂર ખોરાક, હળવું ચાલવું, યોગ, સ્વિમિંગ અથવા સાઈકલિંગ જેવી કસરત અને સીડીઓના ઉપયોગમાં સંયમ રાખવો જેવી જીવનશૈલી અને આહારમાં ફેરફાર કરવાથી ઘૂંટણના ઘસારામાં રાહત મેળવી શકાય છે.'

ડો. નિલેશ પરષોત્તમે જણાવ્યું હતું કે, 'ભારતના લોકોને જીવનશૈલીના કારણે વિશ્વના અન્ય દેશોના નાગરિકો કરતા ૧૦ વર્ષ પહેલા હાર્ટ એટેક આવે છે. કાર્ડિયક એટેકના કેસોમાં જરૂરી નથી કે, હૃદયમાં જ દુખાવો શરૂ થાય. હૃદયના સ્નાયુઓની કાળજી લેવી મહત્વની છે. કાર્ડિયાક એટેક આવે તો વહેલી તકે સ્ટેન્ટ મૂકાવી લેવું મહત્વનું છે. રાત્રે ૧૦થી સવારે ૦૬ કલાક દરમિયાન હૃદયનો દુખાવો અથવા અગાઉ ન થયો હોય તેવો દુખાવો અથવા બેચેની થાય તો તેને અવગણવી ન જોઈએ.'

ડો. શિલ્પાએ રેટિના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'આંખમાં ૯૦ ટકા અસર થયા પછી જ ઝામર સામાન્ય રીતે નાગરિકો અનુભવે છે. ૩૫ વર્ષ પછી રેગ્યુલર ઝામરની તપાસ કરવી જોઈએ. ડાયાબિટીસ ટાઈપ-૧ અને ડાયાબિટીસ ટાઈપ-૨ના દર્દીઓએ નિયમિત આંખની તપાસ કરવી જોઈએ.'

ડો. રવિન્દ્ર કોરાટે ફર્ટિલિટી અને મહિલાઓના સ્વાસ્થ્ય વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'મહિલાઓમાં ગર્ભધારણ માટે ૨૦ થી ૩૦ વર્ષની ઊંમર સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. વધુ ઉંમરે ગર્ભધારણ કરવાથી બાળકોમાં જેનેટિક વિકારો અને ગર્ભાવસ્થામાં મુશ્કેલીઓ વધુ આવે છે. હાલમાં મોડેથી લગ્ન કરવા એક ટ્રેન્ડ જેવું છે, જેથી અનેક લોકોને ફર્ટિલિટીની સમસ્યા જોવા મળે છે.'

ડો. આયુષ ગોલકિયાએ સ્ટ્રોક વિશે માહિતી આપતા જણાવ્યુ હતું કે, 'સ્ટ્રોક આવ્યા બાદ ૦૪:૩૦ કલાકનો સમય સારવાર મેળવવા માટે મહત્વનો હોય છે. સીટીસ્કેન,



ડો. શિલ્પા



ડો. રવિન્દ્ર કોરાટ



ડો. આયુષ ગોલકિયા

એમઆરઆઈ, એન્જીયોગ્રાફી થકી સ્ટ્રોક વિશે માહિતી મેળવી શકાય છે. BEFAST (Balance, Eyes (દિખાવામાં તકલીફ), Face, Arms (હાથમા વીકનેસ), Speech (બોલવામાં સમસ્યા), સ્ટ્રોકના લક્ષણો છે.'

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી કિરણ ઠુમ્મર તેમજ ચેમ્બરના સભ્યો કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. અંતે વકતાશ્રીઓ દ્વારા ઉપસ્થિતોને મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. ચેમ્બરની ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો-ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# વાપી પાસેની સેલો વર્લ્ડ લિમિટેડ અને પલસાણા ખાતેની અલ્ટ્રા ડેનિમ લિમિટેડની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા તથા ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કમિટીના કો-ચેરમેન તેમજ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરિટી કમિટીના ચેરમેન શ્રી ચેતન શેઠ, એવીએશન એન્ડ એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ સહિતના પ્રતિનિધિમંડળ દ્વારા શનિવાર, તા. ૪ ઓકટોબર, ૨૦૨૫ના રોજ વાપી પાસે આવેલા સેલો વર્લ્ડ લિમિટેડની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, આ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનો હેતુ ચેમ્બરના સભ્યોને આધુનિક મેન્યુફેકચરિંગ પ્રોસેસ, કવોલિટી મેનેજમેન્ટ તથા ઈનોવેટિવ પ્રોડકટ ડેવલપમેન્ટ વિશે પ્રત્યક્ષ અનુભવો કરાવવાનો હતો.

સેલો વર્લ્ડ લિમિટેડ ભારતની અગ્રણી કન્ઝયુમર પ્રોડકટસ કંપનીઓમાંની એક છે, જે ત્રણ મુખ્ય કેટેગરીઝ જેવી કે કન્ઝયુમર હાઉસવેર, રાઈટિંગ ઈન્સ્ટ્રુમેન્ટસ એન્ડ સ્ટેશનરી તથા મોલ્ડેડ ફર્નિચર એન્ડ એલાયડ પ્રોડકટસમાં કાર્યરત છે. કંપનીના લોકપ્રિય ઉત્પાદનોમાં ગ્લાસવેર, ઓપાલવેર, મેલામાઈન અને પોર્સેલિન પ્રોડકટસનો સમાવેશ થાય છે.

ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સના ઉદ્યોગ સાહસિક સભ્યોને કંપનીના વિવિધ મેન્યુફેકચરિંગ યુનિટસની મુલાકાત લેવાની તક મળી હતી. ટેકનિકલ ટીમ દ્વારા પ્રોડકશન પ્રોસેસની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ચેમ્બરના સભ્યો માટે આ એક શૈક્ષણિક તેમજ પ્રેરણાત્મક અનુભવ રહ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે તાજેતરમાં



પલસાણા ખાતેના ગુજરાત ઈકો ટેક્સ્ટાઈલ પાર્કમાં આવેલા અલ્ટ્રા ડેનિમ લિમિટેડની પણ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી હતી. અલ્ટ્રા ડેનિમ લિમિટેડ, સુરતની અગ્રણી ડેનિમ ફેબ્રિક અને ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ કંપનીઓમાંની એક છે. અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક મશીનરીથી સજ્જ આ કંપની દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળી ડેનિમ ફેબ્રિકનું ઉત્પાદન કરવામાં આવે છે.

ચેમ્બરના સભ્યોએ અલ્ટ્રા ડેનિમ કંપનીના ઉત્પાદન યુનિટની મુલાકાત લીધી હતી, જ્યાં કંપનીની ટેકનિકલ ટીમ દ્વારા પ્રોડક્શન પ્રક્રિયા, ફેબ્રિક ફિનિશિંગ અને ડિઝાઈનિંગ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# બિઝનેસ ગ્રોથ અને પર્સનલ પ્રોસ્પેરિટી માટે વાસ્તુ વિષે સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૭ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'બિઝનેસ ગ્રોથ અને પર્સનલ પ્રોસ્પરિટી માટે વાસ્તુ' વિષે સેશન યોજાયું હતું, જેમાં વાસ્તુ કન્સલ્ટન્ટ, એસ્ટ્રોલોજિસ્ટ, ન્યુમરોલોજિસ્ટ અને એનર્જી કન્સલ્ટન્ટ શ્રી અજીતસિંઘ સોહલે વ્યાપાર અને વ્યક્તિગત જીવનમાં વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો કેવી રીતે સમૃદ્ધિ અને પ્રગતિ લાવી શકે તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજના યુગમાં વ્યવસાયમાં પ્રગતિ માટે માત્ર ટેકનોલોજી અને માર્કેટિંગ જ નહી પણ ઉર્જા અને સકારાત્મકતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વાસ્તુશાસ્ત્ર એ એક પ્રાચીન વિજ્ઞાન છે, જે જગ્યાની ઉર્જાને સંતુલિત કરીને વ્યવસાયિક વિકાસ અને વ્યક્તિગત સમૃદ્ધિમાં સહાયક બને છે.



ચેમ્બર ઓફ કોમર્સના
માનદ્ મંત્રી
શ્રી બિજલ જરીવાલા



ચેમ્બર ઓફ કોમર્સના
માનદ્ ખજાનચી સીએ
મિતિષ મોદી



વાસ્તુ કન્સલ્ટન્ટ,
એસ્ટ્રોલોજિસ્ટ, ન્યુમરોલોજિસ્ટ
શ્રી અજીતસિંઘ સોહલ

શ્રી અજીતસિંઘ સોહલે જણાવ્યું હતું કે, યોગ્ય વાસ્તુ વ્યવસ્થાપન દ્વારા સકારાત્મક ઉર્જાનો પ્રવાહ વધે છે, જે વ્યવસાયિક વિકાસ, નાણાકીય સ્થિરતા તેમજ માનસિક શાંતિ માટે મદદરૂપ થાય છે. તેમણે ઉદાહરણો સાથે સમજાવ્યું હતું કે ઓફિસ, ફેકટરી કે રહેણાંક સ્થળમાં નાના નાના ફેરફારો પણ મોટી અસર કરી શકે છે. તેમણે વાસ્તુ વિજ્ઞાનના આધુનિક દૃષ્ટિકોણથી વ્યવસાય તથા વ્યક્તિગત જીવનમાં સંતુલન અને સમૃદ્ધિ મેળવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યુ હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ વકતાનો પરિચય આપી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના સભ્ય શ્રી રહેમાન ખાને કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વકતાશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત વ્યવસાયિકો અને સભ્યોની વાસ્તુ સંબંધિત વિવિધ મૂંઝવણો દૂર કરી હતી.

---

# કામદાર વીમા યોજનાની સ્પ્રી અને એમ્નેસ્ટી યોજનાઓ વિશે સેમિનાર યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ESIC's SPREE અને AMNESTY Scheme વિષે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનો ઉદ્દેશ કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) હેઠળની આ મહત્વપૂર્ણ યોજનાઓની મુખ્ય જોગવાઈઓ, તેના લાભો અને પાલનના પાસાઓ વિશે ઉદ્યોગના સભ્યોમાં જાગૃતિ લાવવાનો હતો.

સિનિયર લેબર લૉ કન્સલ્ટન્ટ એડવોકેટ શ્રી આનંદ મહેતાએ સ્પ્રી યોજના વિશે તેમના મુખ્ય સંબોધનમાં જણાવ્યું હતુ કે સ્પ્રી- ૨૦૨૫ (નોકરીદાતાઓ અને કર્મચારીઓની નોંધણીને પ્રોત્સાહન આપવાની યોજના) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. આ યોજના હેઠળ જે ઉદ્યોગો અને કર્મચારીઓ હજુ સુધી ઇ.એસ.આઇ.સી. સાથે સંકળાયેલા નથી તેઓ જૂની બાકી રકમની માંગણી વિના ઇ.એસ.આઇ. પોર્ટલ દ્વારા નોંધણી કરાવી શકે છે. આ યોજનાનું ધ્યાન શિક્ષાત્મક પગલાંને બદલે સ્વૈચ્છિક પાલન પર છે. સ્પ્રી યોજનામાં જોડાતી કંપનીઓ અને કર્મચારીઓને પણ નવા ગણવામાં આવશે અને તેમના માટે જૂની જવાબદારીઓ રહેશે નહી તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ઇ.એસ.આઇ.સી.ના સંયુક્ત નિયામક (એસ.આર.ઓ.- સુરત) શ્રી દીપક મલિકે એમ્નેસ્ટી યોજના પર વિગતવાર માહિતી આપતા કહ્યુ હતુ કે, સામાજિક સુરક્ષા માળખાને મજબૂત કરવા અને ઉદ્યોગો માટે પાલનને સરળ બનાવવાની દિશામાં કર્મચારી રાજ્ય વીમા નિગમે બે મુખ્ય પહેલ જેવી કે સ્પ્રી- ૨૦૨૫ અને એમ્નેસ્ટી યોજના- ૨૦૨૫ શરૂ કરી છે. તેમણે આ યોજના હેઠળ રાહતના પગલાં અને ચૂક કરનારી સંસ્થાઓ માટે દંડાત્મક પરિણામો વિના તેમની ભૂતકાળની જવાબદારીઓને નિયમિત કરવા માટેની તકો સમજાવી હતી.

એમ્નેસ્ટી યોજના ૧ ઓક્ટોબરથી શરૂ થઈ છે અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. ઈએસઆઈસી યોજનામાં આકારણી થઈ હોય અને પડકારવામાં આવ્યા હોય એવા કેસો કોર્ટ બહાર પતાવટની તક આપે છે. તેમણે નોકરી છૂટી જવાના કિસ્સામાં પણ વીમા યોજના હેઠળ મળતા લાભો, કામદારોના સંતાનોને ઈએસઆઈસી મેડિકલ કોલેજમાં મળતા લાભ વિશે માહિતી આપી તેનો લાભ લેવા અપીલ કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડૉ. વિજય રાદડિયાએ સ્વાગત પ્રવચન કરી સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સેમિનારનું સમાપન પ્રશ્નોત્તરી સાથે થયું હતું, જેમાં ભાગ લેનારાઓએ અમલીકરણના વ્યવહારુ પાસાઓ પર સ્પષ્ટતા માંગી હતી. ઉદ્યોગો અને સરકારી વિભાગો વચ્ચે સેતુ તરીકે સેવા આપવા માટે ચેમ્બરની સતત પ્રતિબદ્ધતા દર્શાવતા આ સેમિનારમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બરના રિલિફ ફંડમાંથી નવસારીના તલાવચોરા અને બામણવેલ ગામમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત પરિવારોને મદદ મોકલવામાં આવી



આ વર્ષે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ હતી, જેમાં ખાસ કરીને નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના તલાવચોરા અને બામણવેલ ગામમાં ભારે વરસાદ અને તોફાની પવનના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. ગત મહિને આવેલા લઘુ ચક્રવાતથી આ બંને ગામોમાં અનેક ઘરોના પતરા ઉડી ગયા હતા, જેના કારણે અસરગ્રસ્તોને રહેવા માટે ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ સ્થિતિની ગંભીરતા પારખીને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પોતાના રિલિફ ફંડ મારફતે ઉપરોક્ત બંને ગામોના અસરગ્રસ્ત પરિવારોને સિમેન્ટના ૬૦૦ પતરા મોકલવામાં આવ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ મદદ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવી છે, જેથી અસરગ્રસ્ત પરિવારોને સહાય મળી શકે અને તેઓને ફરીથી છત મળી રહે.

ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ અને રિલીફ ફંડના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, ચેમ્બર માત્ર વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે જ નહીં, પરંતુ સમાજના મુશ્કેલ સમયોમાં માનવતાના ધર્મને નિભાવવા હંમેશાં તત્પર રહે છે. અતિવૃષ્ટિથી પીડિત પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે તે હેતુથી આ સહાય પહોંચાડવામાં આવી છે. અત્યાર સુધી ચેમ્બર દ્વારા અનેક કુદરતી આફતોના સમયમાં મદદરૂપ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. ભવિષ્યમાં પણ જ્યાં જરૂર પડશે ત્યાં ચેમ્બર માનવતાપૂર્ણ જવાબદારી નિભાવશે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમેરિકામાં બિઝનેસના વિસ્તરણ અંગે સેમિનાર યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૦૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે "USAમાં બિઝનેસના વિસ્તરણનું આયોજન કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ"? તેના વિષે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનો ઉદ્દેશ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને વેપારી અગ્રણીઓને માર્ગદર્શન આપવાનો હતો, જેઓ વિશ્વના સૌથી સ્પર્ધાત્મક અને તકોથી સમૃદ્ધ બજારોમાંના એક એવા યુનાઈટેડ સ્ટેટ્સમાં પોતાનો બિઝનેસ વિસ્તૃત કરવા માંગે છે.

ઈન્ડમ એડવાઈઝર્સના સ્થાપક સુશ્રી શીતલ અગ્રવાલ-દેસાઈએ કહ્યું કે, ટેરિફ લાગવા છતાં આપણે સકારાત્મકતા શોધવી જોઈએ. અમેરિકામાં બિઝનેસ કરવા અંગે ભારતીયોમાં ઘણી બધી ગેરમાન્યતાઓ છે. જેમ કે અમેરિકામાં કંપની શરૂ કરવા કાયમી વસવાટ-પીઆર જોઈએ, પણ એવું નથી. અમેરિકામાં પ્રોડક્ટ કે સેવાઓ શરૂ કરવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો, પાલનની જોગવાઈઓ વિશે તેમણે સમજણ આપી હતી.

માર્કેટ રિસર્ચ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, અમેરિકા વિશાળ બજાર છે, ટેરિફ છતાં આપણી પાસે તકો રહેલી છે. ટેરિફની અસર અમેરિકાના નાગરિકો પર વધારે થવાની છે. ટેરિફ છે તો એની સામે પ્રોત્સાહનો પણ છે જેની ખબર હોવી જોઈએ.

વધુમાં તેમણે અમેરિકામાં મળતી સબસિડી, ગ્રાન્ટ, વેચાણ વેરા મુક્તિ વિશે પણ માહિતી આપી હતી. બિઝનેસની છૂટ આપતી વિઝા શ્રેણીઓ અને ઈમિગ્રેશન ચેક વિશે સમજાવ્યુ હતુ.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદી, ઈન્ડમ એડ્વાઈઝર્સના સહ-સંસ્થાપક શ્રી અમાનત કાગઝી તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડમ (INDAM) એડ્વાઈઝર્સના સહસ્થાપક શ્રી અશફાક કલકત્તાવાલાએ ઈન્ડમ એડ્વાઈઝર્સની સ્થાપના શા માટે કરવામાં આવી એ વિશે અને તેના કાર્યો અંગે માહિતી આપી હતી. SGCCI ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે વક્તાનો પરિચય આપ્યો હતો તેમજ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમ વિશે માહિતી આપી આભારવિધિ કરી હતી.

# ચેમ્બર અને સુરત ટેક્ષમેક ફેડરેશન દ્વારા 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો- ૨૦૨૫' એક્ઝિબિશન માટે MoU- મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઈન કરાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો (સિટેક્ષ)-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના હોદ્દેદારોએ ગુરૂવાર, તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા ખાતે MoU-મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઈન કર્યુ હતુ.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશ પટેલે MoU-મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ પર સાઈન કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના સેક્રેટરી શ્રી જિતેન્દ્ર મિસ્ત્રી, જોઈન્ટ સેક્રેટરીઓ શ્રી ભાવેશ વઘાસિયા અને શ્રી મહેન્દ્ર કુકડિયા ઉપસ્થિત રહયા હતા.

'સિટેક્ષ-૨૦૨૫' એક્ઝિબિશનના MoU સાઈનિંગના પ્રસંગે સ્ટોલધારકોનો વધુ ઉત્સાહ હોવાના કારણે ડ્રો-સિસ્ટમ થકી એક્ઝિબીશનના તમામ સ્ટોલ બુક કરવામાં આવ્યા હતા. સાથે જ તેઓને તાત્કાલિક એક્ઝિબિશનના લે-આઉટ અને તેમના સ્ટોલનો નંબર આપવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યુ હતુ કે, સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ પરંપરાગત રીતે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ધરાવે છે ત્યારે 'સિટેક્ષ-૨૦૨૫' એ સુરતની ટેક્ષ્ટાઈલ મશીનરી, ટેક્ષ્ટાઈલ એન્સીલરી અને મશીનરીઓ અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ સંબંધિત મશીનરીઓ ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરુ પાડશે. આ એક્ઝિબિશન ઉદ્યોગોને નવી ટેક્નોલોજી, ઈનોવેશન અને વેપારની તકો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદરૂપ બનશે. આ એક્ઝિબિશનમાં દેશ-વિદેશના અગ્રણી ટેક્ષ્ટાઈલ મશીનરી ઉત્પાદકો, ટેક્નોલોજી પ્રોવાઈડર્સ તથા

વેપારીઓ ભાગ લેશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને સીધી તક મળશે.

એમ્બ્રોઇડરી ઉદ્યોગ સુરતની અર્થવ્યવસ્થાનો અભિન્ન અંગ છે. SITEX- 2025 દ્વારા અમે આ ક્ષેત્રને નવી દિશા આપી શકીશું. આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ટેક્નોલોજી સપ્લાયર્સ અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા માટે આ એક્ઝિબિશન સુવર્ણ તક પૂરી પાડશે.

MoU-મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઇનિંગ પ્રસંગે બંને સંસ્થાઓના હોદ્દેદારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ એક્ઝીબીશન સુરતને વૈશ્વિક ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે અને નાના-મોટા તમામ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે.

# 'નારી સ્વાસ્થ્યનો આધારઃ પોતાની જાત પ્રત્યે પ્રેમ અને સંતુલિત આહાર' વિશે સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'નારી સ્વાસ્થ્યનો આધાર: પોતાની જાત પ્રત્યે પ્રેમ અને સંતુલિત આહાર' વિશે સેશન યોજાયુ હતુ.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે, 'નારી માત્ર પરિવારનો આધાર નથી, પરંતુ સમાજના આરોગ્ય અને સુખાકારીની પણ સાચી દિશા નક્કી કરે છે. જો નારી સ્વસ્થ છે, તો પરિવાર સમાજ અને આખુ રાષ્ટ્ર સ્વસ્થ રહે છે. પણ ઘણીવાર મહિલાઓ પોતાના આરોગ્યને અવગણે છે, પોતાના પરિવાર માટે સર્વસ્વ અર્પણ કરતી વખતે પોતાની જાત પ્રત્યેનુ ધ્યાન રાખવાનુ ભૂલી જાય છે અને યોગ્ય આહાર લેવાનુ પણ અનેક વાર ટાળે છે.'

ટીનએજ તથા કોલેજમા જતી દીકરીઓના આહાર અને જીવનશૈલી અંગે ડૉ. દીપા પટેલે જણાવ્યુ હતુ કે, 'ટીનએજમા સંતુલિત આહાર ન લેવાથી દિકરીઓને ભવિષ્યમા પ્રેગ્નન્સી દરમિયાન અનેક સમસ્યાઓ આવી શકે છે. દીકરીઓને આશરે દૈનિક ૨૩૦૦ કેલેરીની જરૂરિયાત છે, જ્યારે છોકરાઓને દૈનિક ૨૪૦૦ કેલેરીની જરૂરિયાત રહે છે. ડાયટ, ફાસ્ટ ફૂડનો વધુ ઉપયોગ અને મિલ્સ કિપિંગના કારણે હાલમા દીકરીઓમા PCOS અને ઓબેસિટીની સમસ્યા પણ વધુ જોવા મળે છે. ઘઊં અને ચોખાની જગ્યાએ મિલેટ્સનો આહારમા વધુ ઉપયોગ કરવો જોઈએ.'

ડૉ. રૂપલ શાહે ટીનએજથી લઈને મેનોપોઝ સુધીની સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, 'હોર્મોનલ


ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા


ડો. દીપા પટેલ


ડો. રૂપલ શાહ


ડો. તૃપ્તિ પટેલ

પ્રોબ્લેમ્સ, સ્વાસ્થ્યની જાગૃતતા ન હોવી અને સ્વચ્છતાનો અભાવ રાખવાથી મહિલાઓ અનેક વાર ગંભીર રોગનો ભોગ બને છે. એક રિપોર્ટ અનુસાર, ૭૮% વર્કિંગ વુમન્સમાં ઓબેસિટી, ડિપ્રેશન, ક્રોનિક બેકપેન, ડાયાબિટીસ, હાયપર ટેન્શન, હાય કોલેસ્ટ્રોલ અને કિડનીની સમસ્યા જોવા મળે છે. હાલમાં દર ૧૦ માંથી ૧ દિકરી પીસીઓસનો ભોગ બને છે. જો પીસીઓસથી દૂર રહેવું હોય તો યોગ કરવો અને સંતુલિત આહાર લેવો સૌથી સારો વિકલ્પ છે.'

ડો. તૃપ્તિ પટેલે જણાવ્યું હતું કે, 'વ્યક્તિનો જાત સાથેનો સંબંધ, પ્રેમ અને કાળજી આત્મવિશ્વાસનો પાયો બને છે. પોતે પોતાની જાતને પ્રેમ કરવો જોઈએ, લોકોના સ્ટાન્ડર્ડ વિશે વિચારવું ન જોઈએ, પોતાના પર વિશ્વાસ કરવો જોઈએ, હંમેશા બીજાની મદદ કરવી જોઈએ તેમજ દરેકને ખુશ કરવાનું બંધ કરવું જોઈએ. તમે પોતે પોતાને કેવી રીતે જુઓ છો? તે મહત્વનું હોય છે.'

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના સભ્યો તેમજ મહિલાઓ સેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો, જ્યારે પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિતોને મૂંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરની બેન્ક્વેટ કમિટીના ચેરમેન શ્રી રિતેશ બોડાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# મૉડલ બનવું છે? ચેમ્બર ઓફ કોમર્સ તમને મદદ કરશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ગ્લેમરસ મૉડલિંગ ઈન્ડસ્ટ્રી સાથે જોડાવવા ઈચ્છુક મૉડલ્સને આત્મનિર્ભર બનાવવા માટે અભિયાન હાથ ધરશે. સુરત શહેર અને દક્ષિણ ગુજરાતના મૉડલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અને આ ઈન્ડસ્ટ્રીમાં આવવા માટે થનગની રહેલા બાળકો-કિશોર-કિશોરીઓ તેમજ ઉત્સાહી યુવક/યુવતીઓ માટે આગામી જાન્યુઆરી મહિનામાં ફેશન શો અને કેટલોગ પબ્લિકેશન હાથ ધરવામાં આવશે.

આ ફેશન શો તેમજ કેટલોગ પબ્લિકેશનનો મુખ્ય હેતુ સ્થાનિક પ્રતિભાશાળી મૉડલ્સ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી લોકનજરમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે તે છે. આ ઈન્ડસ્ટ્રી સંઘર્ષમય છે અને ઘણાને યોગ્ય મંચ પ્રાપ્ત થતું નથી. ચેમ્બર ઓફ કોમર્સનો આ ઉપક્રમ તેઓને આગળ લાવી તેમને આત્મનિર્ભર થવા માટેની તક પૂરી પાડવાનો છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે સુરતની લગભગ તમામ ઈન્ડસ્ટ્રીઓ જેવી કે ડાયમંડ, ટેક્ષ્ટાઈલ, રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મૉડલ્સ માટે અનેક તકો રહેલી છે. લગભગ બધી જ ઈન્ડસ્ટ્રીના વિવિધ સંસ્થાનો પોતાની પ્રોડક્ટને પ્રખ્યાત કરવા માટે અખબારી જાહેરાતો, હોર્ડિંગ્સ, સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે અને તેમાં અલગ અલગ બ્રાન્ડ માટે જે તે બ્રાન્ડને અનુરૂપ મૉડલ્સ લેતા હોય છે. એવું જોવાયું છે કે મૉડલિંગ માટે સુરત બહારના જ મૉડલ્સ પસંદ કરતા હોય છે, કારણ કે કદાચ તેમને આપણા શહેરમાં જ ઉપલબ્ધ પ્રતિભાઓનો ખ્યાલ હોતો નથી અને તેથી જ આ ઉપક્રમ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

# SGCCI દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત કરાઈ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતુ કે, 'રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કિંગમાં ચેક ક્લિયરીંગની પ્રક્રિયાને ઝડપી બનાવવાના હેતુથી રિયલ-ટાઈમ ચેક ક્લિયરન્સ સિસ્ટમ તા. ૦૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજથી અમલી બનાવવામાં આવી હતી. પરંતુ ટેકનિકલ ખામીઓના કારણે જે ચેક થોડા કલાકોમાં જ ક્લિયર થવાના હતા, એ ચેક ગત ૬-૭ દિવસથી ક્લિયર થયા નથી તેવી ફરિયાદ અનેક વેપારીઓ અને ઉદ્યોગકારોએ કરી છે, જેને કારણે બેન્કના સ્ટાફ માટે પુનઃ જૂની મેન્યુઅલ સિસ્ટમથી ચેક ક્લિયર કરવાની નોબત આવી છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, 'દિવાળીની સીઝનમાં લિક્વિડિટી અટકવાથી વેપાર-વ્યવસાય પર સીધો પ્રભાવ પડી રહ્યો હોવાની અને ફ્રોડ થવાની સંભાવના હોવાની વેપારીઓએ ફરિયાદ કરી હતી તે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગેની રજૂઆત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને કરવામાં આવી હતી.'

# SBC દ્વારા પ્રિ-દિવાળી સેલિબ્રેશન



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એસજીસીસીઆઈ બિઝનેસ કનેક્ટ દ્વારા શનિવાર, તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડી વિલા ગાર્ડન રેસ્ટ્રો લોન્જ ખાતે 'એસબીસી પ્રિ-દિવાળી સેલિબ્રેશન ૨૦૨૫' ભવ્ય રીતે યોજાયો હતો, જેમાં ઉત્સાહભેર દિવાળીની ઉજવણીનો માહોલ છવાયો હતો.

બાળ કલાકાર પ્રિન્સી પ્રજાપતિ કે જેઓ અનુપમા, ઇક્કા દિક્કા, મિશ્રી જેવી લોકપ્રિય ટીવી શ્રેણીઓમાં પોતાના અભિનય માટે જાણીતા છે, તેઓએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનો ઉમેરો કર્યો હતો.

આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ખાસ ઉપસ્થિત રહીને સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલર, શ્રી કમલેશ ગજેરા, ડો. વિજય રાદડિયા અને બંદના ભટ્ટાચાર્ય તથા એસબીસીના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાની હાજરીએ કાર્યક્રમને વધુ વિશિષ્ટ બનાવ્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમ એસબીસીના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, જેનું સંચાલન શ્રીમતી જાગૃતિ પ્રજાપતિએ ઉત્સાહભેર કર્યું હતું.

દિવાળીના આ આનંદોત્સવમાં ૧૫૦ ફેમિલી મેમ્બર જોડાયા હતા અને મહેમાનોને સંગીતનો આનંદ માણવાનો મોકો મળ્યો હતો. એસબીસી દ્વારા યોજાયેલો આ કાર્યક્રમ માત્ર ઉજવણી પૂરતો ન હતો, પરંતુ ઉદ્યોગકારો અને વ્યવસાયિકો વચ્ચે મિત્રતાનો સેતુ મજબૂત કરવા આ પ્રસંગ યાદગાર બની રહ્યો હતો. આવા કાર્યક્રમો ઉદ્યોગ સાહસિકો વચ્ચે નેટવર્કિંગ આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જી ચેમ્બર પરિવારને વધુ એકતાના સૂત્રે બાંધે છે.

# ભારત વર્ષના લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'એક દીપસ્તંભ' જનજાગૃતિ સત્ર યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ભારત વર્ષના લોહપુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'એક દીપસ્તંભ' જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલે અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઇ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના જીવનદર્શન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, આઝાદી બાદ એક રાષ્ટ્રની રચના કરનારા લોહપુરુષ સરદાર પટેલ સિવિલ સર્વિસનો પાયો નાખીને શાસન વ્યવસ્થાના પણ આધારસ્તંભ રહ્યા. તેઓ આપણા સૌ માટે આદર્શ છે અને તેમના મહાન વ્યક્તિત્વનું દરેક પાસું આપને પ્રેરણા આપે છે.

ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલેએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની દૂરદર્શિતા અને જીવનમાં અપનાવા જેવી પાંચ મુખ્ય સ્થિતિઓ વિશે ઓડિયો-વિઝ્યુઅલના માધ્યમથી પ્રેરક પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબનો દેશ પર બહુ મોટો ઉપકાર છે. સરદાર સાહેબને



**ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**



**ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલે**



**સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઇ ભાલાળા**

આ દેશમાં જે ગૌરવ મળવું જોઈતું હતું એ મળ્યું જ નહીં. આઝાદી પછી તેમને ભારત રત્ન છેક ૧૯૯૧માં મળ્યો. તેઓ પીએમ પદને લાયક હતા. ગાંધીજીના શબ્દ ખાતર તેમણે ઉમેદવારી પાછી ખેંચી.

તેમણે કહ્યું હતું કે, સરદારની જન્મજયંતિએ તેમને યાદ કરતી વખતે આપણે ગુલામીની માનસિકતાની રહી ગયેલી નિશાનીઓ પણ દૂર કરવી જોઈએ. સ્વાભિમાન, સમરસતા, સુરક્ષા, પર્યાવરણ-સ્વચ્છ ભારત, નાગરિક કર્તવ્યનું પાલન એ પાંચ સૂત્રો યાદ કરી જીવનમાં ઉતારવા જોઈએ.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવનદર્શન વિશે વાતો કરતા કહ્યું કે, સમગ્ર દેશ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે. દરેક જિલ્લામાં વિચારયાત્રાનું આયોજન થયું છે. તેમણે સરદારની કુનેહ, ત્યાગ-સમર્પણના પ્રસંગો ટાંક્યા હતા અને કહ્યું કે સરદાર ક્યારેય ભૂલી શકાય નહીં. તેમની દૃઢ નિર્ણયશક્તિ, કોઠાસૂઝ, સમર્પણ અને મનોબળના કારણે જ ભારત એક છે. જૂનાગઢને ભારતમાં ભેળવવામાં તેમની ગજબની કોઠાસૂઝના દર્શન દેશને થયા. તેમનું એક સૂત્ર બહુ સરસ હતું- નિર્ભયી બનો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી પરેશ લાઠિયા અને શ્રી મનિષ કાપડીયાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. બંને વક્તાઓએ ઉપસ્થિત શ્રોતાગણ સાથે વિચાર ગોષ્ઠિ પણ કરી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી ચેતન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# સિંધુ સેવા સમિતિ સ્કૂલના વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, સિંધુ સેવા સમિતિ સ્કૂલ, અડાજણ, સુરતના વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ સેશન યોજાયુ હતુ. જેમાં પ્રાથમિક વિભાગના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઉંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતાં ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના નિયમિત ઉપયોગની આવશ્યકતા અંગે યોગ્ય ઉદાહરણો સાથે સમજ આપી હતી.

આ પ્રસંગે ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના કો-ચેરપર્સન શ્રી અર્ચનાબેન દેસાઈ, કો-ચેરમેન શ્રી મુકેશ પટેલ અને કમિટીના સભ્ય શ્રી ગણેશ સોલંકી, શ્રી જતિન શાહ અને શ્રીમતી છાયાબેન મહેતાની સાથે શાળાના ૧૫ થી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ‘ટોક થેરાપી કોલ્ડ મેજિક : વેઈટ લોસ ઓન ધ સ્પોટ’ વિષય પર સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘ટોક થેરાપી કોલ્ડ મેજિક: વેઈટ લોસ ઓન ધ સ્પોટ’ શીર્ષક હેઠળ રસપ્રદ સેશન યોજાયુ હતું, જેમાં કોમેડિયન ભારતી સાથે ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટમાં ઈંચ લોસ પરફોર્મ કરી ચૂકેલા આ ક્ષેત્રના નિષ્ણાત એવા અમદાવાદના ડો. જિગર શાહે કસરત કે ડાયેટ વિના ખુરશી પર બેઠા બેઠા ૫ મિનિટમાં ઈંચ લોસની ટિપ્સ આપી વેઈટ લોસ અને ઈંચ લોસ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો.

ડો. જિગર શાહે જણાવ્યું હતુ કે, ૨૫ વર્ષ પહેલા ભાગ્યે જ જિમ જોવા મળતા હતા. જ્યારે આજે ગલીએ ગલીએ, સોસાયટીઓમાં જિમ ખુલી ગયા છે, તેમ છતાં વજન વધવાની સમસ્યાનો અંત આવતો નથી. કારણ કે, આપણું મન આપણા અંકુશમાં નથી. તેમણે માત્ર ૫ જ મિનિટમાં કસરત કે ડાયેટ વગર ખુરશી પર બેઠા બેઠા ઈંચ લોસ કેવી રીતે થાય છે તેનો લાઈવ ડેમો આપ્યો હતો. તેમણે ઉપસ્થિત શ્રોતાઓના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

એસજીસીસીઆઈ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આયુષ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટી સભ્ય શ્રી જયેશ પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો. કમિટી સભ્ય શ્રી ચિરાગ ગજ્જરે વૈદિક પરંપરા અનુસાર ઓમકાર મંત્રના પઠન સાથે સેશનનું સંચાલન કર્યું હતું. સેશનમાં સુશ્રી રેખાબેન પટેલ અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા 'દિવાળી રિશ્તોં કી' કાર્યક્રમની ઉજવણી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બુધવારે, તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, ધ અમોર રેસ્ટોરન્ટ, પીપલોદ, સુરત ખાતે 'દિવાળી રિશ્તોં કી' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ભારતના પૂર્વ કેન્દ્રિય ટેક્ષ્ટાઈલ્સ એન્ડ રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે આ પ્રસંગે મહિલા ઉદ્યોગ સાહસિકોને ખાસ પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

સ્કલ્પ્ટ સ્કિનકેરના સહ-સંસ્થાપક ડો. કિંજલ પટેલે સ્કિનકેર વિશેની માહિતી મહિલા ઉદ્યોગ સાહસિકોને આપી હતી. એન્કર કૃપાલી શાહે સેલના સભ્યોને હાઉઝી અને અન્ય રમત-ગમતની એક્ટિવિટી કરાવી હતી.

વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે સેલના સભ્યોને દિવાળીની શુભેચ્છાઓ આપતા જણાવ્યુ હતુ કે, 'વુમન આંત્રપ્રિન્યોર સેલનો લાભ વધુને વધુ મહિલા ઉદ્યોગ



સાહસિકોને મળે તે માટે સેલના સભ્યોએ પ્રયાસો કરવાના છે. દરેક સભ્ય અન્ય એક સભ્યને સેલમાં જોડવા માટે પ્રેરિત કરે તેમ કહી તેમણે સેલને ૧૦૦ સભ્યોને જોડવાનો ટાર્ગેટ આપ્યો હતો.'

આ પ્રસંગે વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઈઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા, સુશ્રી કૃતિકા શાહ અને સેલના કો-ચેરપર્સન એડવોકેટ બીના ભગત, સુશ્રી ધારા શાહ, સુશ્રી નિમિષા પારેખ, શ્રીમતી રોશની ટેલર તેમજ સેલના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્ય સુશ્રી શિલ્પી સાધે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિમંડળે એનયુ સિટિઝન ફેબ્રિક્સ પ્રા.લિ.ની અને ગ્રીન લેબ ડાયમંડ્સ એલએલપીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિમંડળે બુધવાર, તા. ૮ ઓકટોબર, ૨૦૨૫ના રોજ તડકેશ્વર, માંડવી ખાતે આવેલી એનયુ સિટિઝન ફેબ્રિકસ પ્રા. લિ.ની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી હતી, જ્યારે બુધવાર, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ ઈચ્છાપોર સ્થિત ગ્રીન લેબ ડાયમંડ્સ એલએલપીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ લઈને પ્રોડકશન સહિતની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિમંડળે એનયુ સિટિઝન ફેબ્રિકસ પ્રા. લિ.ની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ દરમિયાન કંપનીના આધુનિક ઉત્પાદન એકમની વિગતવાર માહિતી મેળવી હતી. કંપનીની અદ્યતન ઉત્પાદન પ્રક્રિયામાં વોટરજેટ, વોશિંગ, સ્ટેન્ટર, કોટિંગ અને પીવીસી કેલેન્ડર જેવા મહત્વપૂર્ણ યુનિટ્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કંપની દ્વારા ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં અપનાવવામાં આવેલી નવીન ટેકનોલોજી, ગુણવત્તા નિયંત્રણ પ્રણાલિઓ તેમજ પર્યાવરણલક્ષી અભિગમને પ્રતિનિધિમંડળે બિરદાવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિમંડળે લેબ ગ્રોન હીરાના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવતા ગ્રીનલેબ ડાયમંડ્સની પણ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. પ્રતિનિધિમંડળે ડાયમંડ ગ્રોઈંગ, કટિંગ, પોલિશિંગ



તથા ક્વોલિટી ટેસ્ટિંગની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો. કંપની દ્વારા અપનાવવામાં આવેલી સસ્ટેનેબલ પ્રોડક્શન પ્રોસેસ, પર્યાવરણલક્ષી અભિગમ તેમજ હીરા ઉદ્યોગમાં આવેલા ઈનોવેશન અને ડિજિટલ ટેક્નોલોજી વિષે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતુ કે, સુરતના ઉદ્યોગો આજે ટેક્નોલોજી, ઈનોવેશન અને ક્વોલિટી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. એનયુ સિટિઝન ફેબ્રિક્સ અને ગ્રીન લેબ ડાયમંડ્સ જેવી કંપનીઓએ પોતાના ક્ષેત્રમાં નવીનતા અને સસ્ટેનેબિલિટીને પ્રાથમિકતા આપીને ઉદ્યોગ જગતમાં એક નવો માપદંડ ઉભો કર્યો છે. આવા ઉદ્યોગોની મુલાકાતથી ચેમ્બરના સભ્યોને ઉદ્યોગની નવી ટેકનિક્સ અને પ્રોડક્શન પ્રોસેસ વિશે પ્રાથમિક જાણકારી મેળવવાનો લાભ મળે છે.

# ગ્રો બિઝનેસ વિથ રિસિવેબલ સેફટી થ્રુ ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યુરન્સ વિષય પર સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ગ્રો બિઝનેસ વીથ રિસિવેબલ સેફટી થ્રુ ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યુરન્સ' વિષય પર સેશન યોજાયું હતું. જેમાં મુંબઇના ટાટા એઆઇજીના ક્રેડિટ ઇન્સ્યોરન્સ અન્ડરરાઇટર શ્રી કાર્તિકેયન મિશ્રા અને અમદાવાદના કેર ઇન્સ્યોરન્સ એસોસિએટ્સ એન્ડ ફેટલ ઇન્સ્યોરન્સના શ્રી ઋષભ ઝવેરીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતુ કે, ઉદ્યોગ સાહસિકોને તેમના બિઝનેસના રિસિવેબલ્સને સુરક્ષિત રાખવા માટે ઇન્સ્યોરન્સના અસરકારક ઉપાયો અંગે જાણકારી મળી શકે તે હેતુથી આ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા આવા નોલેજ શેરીંગ સેશન્સનું આયોજન કરીને ઉદ્યોગ જગતને આધુનિક ફાઇનાન્સિયલ તથા રિસ્ક મેનેજમેન્ટ ટુલ્સ અંગે જાગૃત કરવાનું સતત કાર્ય કરવામાં આવે છે.

વક્તાઓ શ્રી કાર્તિકેયન મિશ્રા અને શ્રી ઋષભ ઝવેરીએ ટ્રેડ ક્રેડિટ ઇન્સ્યોરન્સ કેવી રીતે ખરીદદારોના ડિફોલ્ટ, ઇન્સોલ્વન્સી અથવા પેમેન્ટમાં વિલંબ જેવી પરિસ્થિતિઓ સામે બિઝનેસને સુરક્ષિત રાખે છે તે અંગે વિગતવાર માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, આ ઈન્શ્યોરન્સ ઉદ્યોગ સાહસિકોને આત્મવિશ્વાસપૂર્વક પોતાના બિઝનેસનું વિસ્તરણ કરવા માટે મદદરૂપ બને છે અને ક્રેડિટ રિસ્ક ઘટાડીને ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ ટ્રેડને વધુ સુવ્યવસ્થિત બનાવે છે. આ સેશનમાં ચેમ્બરના સભ્યો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તથા વક્તાઓ સાથે ટ્રેડ ક્રેડિટ ઈન્શ્યોરન્સના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી હતી.

# મારી ચીન યાત્રા




**ટ્રાવેલોગ**
**નિખિલ મદ્રાસી- પ્રમુખ, એસજીસીસીઆઈ**

ચીન જેટલો વિશાળ દેશ છે, એટલો જ રહસ્યમય દેશ પણ છે. એમ કહેવાય છે કે એ એટલુ જ બતાવે છે, જેટલુ સારુ છે. પણ જે બતાવે છે એ અદ્ભુત-અવિસ્મરણીય છે. તા. 24 સપ્ટેમ્બરે સવારે ચીનમા મારુ ઉતરાણ થયુ એ પહેલા ચીન વિશે મનમા ઘણી ધારણાઓ હતી, જૈન ભોજન મળવા વિશે આશંકાઓ પણ હતી જ. ત્યા સ્પીડ, સ્કેલ અને ગગનચુંબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોવા મળશે એની આશા તો હતી જ પણ શાંઘાઈથી ચિંવુની 5 દિવસની આ યાત્રા દરમ્યાન બીજુ પણ ઘણુ જોવા, જાણવા, માણવા ને સમજવા મળ્યુ. આ મુલાકાત આંખોને ચકિત કરનારી તો હતી જ, સાથે આંખ ઉઘાડનારી પણ હતી.

### શાંઘાઈ- જાણે સિસ્ટમ્સની સંગીતરચના

એક શહેર તરીકે શાંઘાઈ ઘણી બાબતોમા અન્ય શહેરોથી ચઢિયાતુ છે. અહી દરેક તત્ત્વ જાણે સુમેળમાં ચાલે છે. પહોળા રસ્તા, એકેય ખાડો નહી, સુંદર રીતે આયોજિત, ચોખ્ખાચણાક એટલા કે પગ મૂકતા બીક લાગે કે રસ્તો ગંદો થશે! ટ્રાફિક નિયમન પણ જબરદસ્ત. કોઈ મોટા અવાજના હોર્નનો ઘોંઘાટ નહી, રેડ સિગ્નલ તોડવુ નહી, લેનમા જ વાહનો ચાલે. પાર્કિંગ પણ એટલુ શિસ્તબદ્ધ કે કોઈ કાર તમને લાઈનની બહાર ન દેખાય.

આપણે મેટ્રોમા હજી પા પા પગલી માંડીએ છીએ પણ ચીનમા મેટ્રો નેટવર્ક ઈજનેરી અજાયબીથી કમ નથી. અમારે જે ડોમમા ટ્રેડ

એક્ઝિબિશન હતું એની અંદર જ મેટ્રો ટ્રેનની સુવિધા હતી. મેટ્રોની મુસાફરી આરામદાયક, સુવિધાજનક છે. અહીં ટેક્સીઓ પણ ચુસ્તપણે મીટરથી જ ચાલે છે. ભાવની રકઝક જોવા મળતી નથી. ટેક્સી ઊભી રાખવા માટે હાથ ઊંચો કરવાની પણ જરૂર નથી. તમારી પાસે આવીને ઊભી રહી જાય, ડ્રાઈવર સવારી માટે ના પાડતો નથી. નવાઈની વાત એ છે કે ટેક્સી ચાલકોમાં અમને ઘણી મહિલા ટેક્સી ચાલકો જોવા મળી.

ભારતમાં યુપીઆઈએ પાસું કાઠું કાઢ્યું છે. ચીનમાં પણ કેશ જાણે ગાયબ જ થઈ છે. દરેક નાના-મોટા વ્યવહારો ડિજિટલ પેમેન્ટ્સથી જ થાય છે. અહીં તમને વૉટ્સેપ કે એક્સ જેવા પશ્ચિમી સોશિયલ મીડિયા ટુલ્સ જોવા-વાપરવા ન મળે. તેમણે સ્વદેશી રીતે વી ચેટ એપ વિકસાવેલી છે. તે માત્ર મેસેજિંગ સર્વિસ જ નથી...ચેટ, પેમેન્ટ્સ, મેપ્સ અને બીજું ઘણું બધું એનાથી થાય છે.

આપણે ત્યાં પહેલી બુલેટ ટ્રેનનું કામ ચાલી રહ્યું છે. ચીનમાં બુલેટ ટ્રેનોનો કાફલો છે. બુલેટ ટ્રેનમાં શાંઘાઈથી યિવુ જવાની તક મળી. શું સ્પીડ!! 305 કિમી/કલાક! સ્ટેશનો પણ એટલાં જ ચોખ્ખા, આધુનિક અને સલામત. પ્લેટફોર્મ પણ માત્ર મુસાફરોને જ જવા દેવામાં આવે છે. કોઈ અંધાધૂંધી, કે ધક્કામુક્કી નહીં. બુલેટ ટ્રેનની અંદરનો અને બહારનો અનુભવ પણ અવિસ્મરણીય! તમે બેસો એટલે ટ્રેન પળવારમાં ઉપડે...ખબર પણ ન પડે. કોઈ અવાજ નહીં, કોઈ ઝાટકા નહીં છતાં સ્પીડ 300 કિમી/કલાકથી વધુની!! તે માત્ર હાઈ સ્પીડ ટ્રેન જ નથી, વિકાસને વેગ આપતું રાષ્ટ્રીય શિસ્તનું પ્રતીક કહી શકો.

શાંઘાઈમાં નાન્જિંગ સ્ટ્રીટ પાસે સાંજ એકદમ જીવંત થઈ જાય છે. એક સાથે લાઈટો ઝળહળી ઉઠે અને આપ સમક્ષ મનોહર દ્રશ્ય ઊભું કરે છે. ચીનમાં અમે જ્યાં જ્યાં ગયા ત્યાં સ્ટ્રીટ વેન્ડર્સ ભાગ્યે જ જોવા મળે છે. વિશાળ અને ગગનચુંબી મૉલ્સની હારમાળાઓ દેખાય છે. શાંઘાઈમાં કુદરતને ટક્કર મારે એવી કૃત્રિમ નદી બનાવાઈ છે. આ નદીની જાળવણી, એની આસપાસના વૉકિંગ ટ્રેક્સ અનુકરણીય છે.

ચીનમાં ભાષાની થોડી તકલીફ પડી, પણ ટેક્નોલોજીએ એ અવરોધ પણ દૂર કરી દીધો છે. દરેક સ્થાનિકના મોબાઈલમાં ટ્રાન્સલેશન એપ હોય છે. તમે જે કહો એ અનુવાદ કરીને તરત કામ ચાલે એટલું તો સમજી જ જાય છે. એટલે કૉમ્યુનિકેશનમાં ઝાઝી તકલીફ પડતી નથી.

આ બધું તો પસાર થતા જે જોયું અને અવલોકન કરતા જે અનુભવ્યું એ કીધું. મુખ્યત્વે તો અમે ટ્રેડ એક્ઝિબિશનની મુલાકાતે ગયા હતા. આ એક્ઝિબિશનમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રે જે ટેક્નોલોજી, ઈનોવેશન અને ઓટોમેશન જોવા મળ્યું એ અદ્દભૂત હતું. એનર્જી કાર્યક્ષમ અને પાણી બચાવતા મશીન ન્યુ નોર્મલ બની ગયા છે. રોબોટિક આર્મ યાર્નના બીબા સંભાળે છે. ટેક્સ્ટાઈલ ઉદ્યોગે આમાંથી ઘણી પ્રેરણા લેવાની છે, સુરતના ટ્રેડ ફેર માટે પણ શીખવાના ઘણા પાઠ છે.

ખાસ નોંધવા જેવી વાત એ પણ રહી કે અમને ત્યાં કોઈ રાજકીય પક્ષો કે નેતાઓનો હોર્ડિંગ્સ જોવા ન મળ્યા!

ટેક્નોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ચોકસાઈ અને વ્યાપમાં ચીનને પછાડવું અઘરું છે, તેમ છતા એક ગૌરવશાળી ભારતીય પર્યટક તરીકે ચીનની મુલાકાતથી મને કોઇ લઘુતાગ્રંથિ અનુભવાઈ નથી, ઉલટાનો હું એક પ્રેરિત પ્રવાસી તરીકે પાછો ફર્યો છું. બેઉ દેશો અનોખા છે, વસ્તી લગભગ સરખી છે. એક વાતની પ્રતીતિ થઈ કે પ્રગતિ ઉતાવળે નથી થતી, એની ટેવ પાડવાની હોય છે. ચીને આ કળામાં જાણે માસ્ટરી મેળવી લાગે છે. આપણી પાસે પણ માનવ બળ, પ્રતિભાઓનો સંપુટ છે, સક્ષમ નેતૃત્વ છે, આપણે આપણા હરીફથી પ્રેરિત થઈને આગળ વધતા રહેવાનું છે. યાદ રહે કે ભગવાન રામે પણ લક્ષ્મણને રાવણ પાસે જ્ઞાન લેવા મોકલ્યા હતા. આપણે પણ હરીફોની સારી બાબતો શીખતા રહીએ.

---

# અંગ્રેજોને હવે 'મેડ ઈન ઈન્ડિયા' ગમશે!

**વિશેષ અહેવાલ**

ભારત અને યુનાઈટેડ કિંગ્ડમે વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતિ (સીઈટીએ) પર હસ્તાક્ષર કર્યાં છે, જે તેમની લાંબા સમયથી ચાલતી ભાગીદારીમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને બ્રિટનના પ્રધાનમંત્રી સર કીર સ્ટાર્મરની હાજરીમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ અને બ્રિટનના વ્યાપાર અને વેપાર મંત્રી શ્રી જોનાથન રેનોલ્ડ્સ દ્વારા આ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષી વેપારને બમણો કરવાના લક્ષ્યાંક સાથે પહેલેથી જ તે 56 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી ગયો છે.

**મુક્ત વેપાર સમજૂતિ શું છે?**

મુક્ત વેપાર સમજૂતિ વેપારને સરળ બનાવવા બે દેશો વચ્ચે થતો કરાર છે. તેમાં આયાત અને નિકાસ ડ્યુટી ઘટાડીને કે દૂર કરીને, સામાન અને સેવાઓ માટેના વેપાર અવરોધો ઓછા કરીને વેપારને સરળ બનાવાય છે. ભારતે 15 દેશો સાથે આવી મુક્ત વેપાર સમજૂતિઓ કરી છે.

**ભારત-યુકે દ્વિપક્ષી વાર્ષિક વેપાર: 56 અબજ ડૉલર**

**કુલ માલસામાનનો વેપાર: 23 અબજ ડૉલર**

# યુકે સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના કારણે સુરતના ટેક્ષ્ટાઈલ, કેમિકલ અને જેમ્સ એન્ડ જ્વેલરી, એમએસએમઈને મોટો લાભ થવાની અપેક્ષા છે

### કુલ સેવાઓ: ૩૩ અબજ ડૉલર

આ મુક્ત વેપાર સોદો યુકેમાં ભારતની ૯૯ ટકા નિકાસ માટે અભૂતપૂર્વ ડ્યુટી-ફ્રી એક્સેસ પૂરો પાડે છે, જે વેપાર મૂલ્યના લગભગ 100% ને આવરી લે છે. આમાં કાપડ, ચામડું, દરિયાઈ ઉત્પાદનો, જેમ્સ અને જ્વેલરી અને રમકડા જેવા વધુ રોજગારી આપતા ક્ષેત્રો તેમજ ઇજનેરી ચીજવસ્તુઓ, રસાયણો અને ઓટો ઘટકો જેવા ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આનાથી મોટા પાયે રોજગારીનુ સર્જન થશે, કારીગરો, મહિલા સંચાલિત ઉદ્યોગો અને એમએસએમઈનુ સશક્તિકરણ થશે. આ સમજૂતિમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી/આઇટી સક્ષમ સેવાઓ, નાણાકીય અને વ્યવસાયિક સેવાઓ, બિઝનેસ કન્સલ્ટિંગ, શિક્ષણ, ટેલિકોમ, આર્કિટેક્ચર અને એન્જિનિયરિંગને આવરી લેતા વ્યાપક પેકેજનો સમાવેશ થાય છે જે ઉચ્ચ મૂલ્યની તકો અને રોજગારીનું સર્જન કરશે.

### ભારતને કેવી રીતે ફાયદો?

| કરાર પહેલાં ડ્યુટી | | હવે |
|---|---|---|
| પ્રોસેસ્ડ ફૂડ | 70% સુધી | 0% |
| વેજિટેબલ ઓઈલ્સ | 20% સુધી | |
| ટ્રાન્સપોર્ટ / ઓટો | 18% સુધી | |
| લેધર/ફૂટવેર | 16% સુધી | |
| ઈલેક્ટ્રિકલ મશીનરી | 14% સુધી | |
| હેડગિયર / કાચ / સિરેમિક્સ | 12% સુધી | |
| કાપડ / વસ્ત્રો | 12% સુધી | |
| લાકડું / કાગળ | 10% સુધી | |
| ધાતુઓ | 10% સુધી | |
| મિકેનિકલ મશીનરી | 8% સુધી | |
| ખનિજ | 8% સુધી | |
| રસાયણો | 8% સુધી | |
| પ્લાસ્ટિક / રબર | 6% સુધી | |
| ઈન્સ્ટ્રુમેન્ટ્સ / ઘડિયાળ | 6% સુધી | |
| જેમ્સ એન્ડ જ્વેલરી | 4% સુધી | |
| ફર્નિચર / રમતગમત સામાન | 4% સુધી | |
| શસ્ત્રો / દારૂગોળો | 2% સુધી | |

### ગુજરાતના આ ઉદ્યોગોને મોટો લાભ

ટેક્ષ્ટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ, મરીન પ્રોડક્ટ્સ

### યુકેનાં બજારમાં પહોંચથી અપેક્ષિત લાભ

ફાર્મા નિકાસ (અમદાવાદ), કેમિકલ્સ (સુરત અને ભરૂચ), એન્જિનિયરિંગ (રાજકોટ), સી ફૂડ (વેરાવળ)ને પ્રોત્સાહન; એમએસએમઇને યુકેની સરળ પહોંચથી લાભ થશે.

### ટેક્ષ્ટાઈલ અને કપડા

ટેક્ષ્ટાઈલ અને કપડા માટે યુકેનુ બજાર ખુલ્લુ તો છે જ પણ 12% ટેરિફના બદલે હવે 0% ટેરિફથી તે વધુ સ્પર્ધાત્મક બનશે અને વધુ માલ વેચાશે. ભારત બાંગ્લાદેશ, પાકિસ્તાન અને કંબોડિયાની સરખામણીમાં કરવેરાના ગેરલાભનો સામનો કરી રહ્યું હતું, જેઓ યુકેના બજારમાં કરમુક્ત પ્રવેશ ધરાવતા હતા. એફટીએ ભારતમાંથી કાપડની આયાત પરના ટેરિફને દૂર કરે છે, જેનાથી આપણી સ્પર્ધાત્મકતામાં વધારો થાય છે.

કાપડ અને કપડામાં, જ્યારે યુકેની કુલ આયાત (26.95 અબજ ડૉલર) ભારતની વૈશ્વિક નિકાસ (36.71 અબજ ડૉલર) કરતા ઓછી છે, ત્યારે ભારત હજુ પણ યુકેને ફક્ત 1.79 અબજ ડૉલરનો પુરવઠો પૂરો પાડે છે. એટલે આ વેપાર કરારથી ભારતીય ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને યુકેમાં પોતાની ફૂટ પ્રિન્ટ્સ વધારવાની અપાર તકો રહેલી છે.

અસાધારણ વિકાસ માટે સજ્જ ક્ષેત્રો: આરએમજી, હોમ ટેક્સટાઇલ્સ, કાર્પેટ અને હસ્તકલાનો સમાવેશ થાય છે, જ્યા ડ્યુટી દૂર કરવાથી તાત્કાલિક અને નોંધપાત્ર સ્પર્ધાત્મક લાભ મળે છે.

વ્યૂહાત્મક બજારની સ્થિતિ: યુકેના ચોથા સૌથી મોટા કાપડ સપ્લાયર તરીકે, ભારત હાલમાં 6.1 ટકા બજારહિસ્સો ધરાવે છે, હવે ચીન અને બાંગ્લાદેશ જેવા અગ્રણી ખેલાડીઓ સાથેના અંતરને આક્રમક રીતે પૂરી દેવાની તક છે.

તિરુપુર, સુરત, લુધિયાણા, ભદોહી અને મુરાદાબાદ જેવા ઉત્પાદન કેન્દ્રોને વધતી માંગ, રોજગારીનુ સર્જન અને આર્થિક વિકાસથી લાભ થશે.

### ફાર્માસ્યુટિકલ્સ

ઝીરો ડ્યુટી માર્કેટ એક્સેસ: ફાર્મા સેક્ટરમાં માત્ર 56 ટેરિફ લાઇન છે, જે કુલ ટેરિફના માત્ર 0.6 ટકા છે. ટેરિફ લાઇનની

દ્રષ્ટિએ તેનું પ્રમાણમાં નાનું પ્રતિનિધિત્વ હોવા છતાં, ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર સામાન્ય રીતે ઉચ્ચ મૂલ્ય અને વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે, ખાસ કરીને વૈશ્વિક વેપારમાં.

ફાર્માસ્યુટિકલ્સ અન્ય એક ઉચ્ચ સંભવિત ક્ષેત્ર રજૂ કરે છે: ભારત વૈશ્વિક સ્તરે 23.31 બિલિયન ડૉલરની નિકાસ કરે છે અને યુકે લગભગ 30 બિલિયન ડૉલરની આયાત કરે છે, પરંતુ એમા ભારતીય દવાઓનો હિસ્સો 1 અબજ ડૉલરથી ઓછો છે, જે વૃદ્ધિ માટે નોંધપાત્ર અવકાશ સૂચવે છે.

એફટીએ હેઠળ શૂન્ય ટેરિફની જોગવાઈઓ યુકેના બજારમાં ભારતીય જેનેરિક્સની સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર વધારો કરે તેવી અપેક્ષા છે, જે યુરોપમાં ભારતનું સૌથી મોટું ફાર્માસ્યુટિકલ નિકાસ સ્થળ રહેલું છે.

**કેમિકલ્સ**

1, 206 ટેરિફ લાઇન સાથે, રસાયણો અને આનુષાંગિક ક્ષેત્ર કુલમાં 12.4% નું યોગદાન આપે છે. આમાં ખાતર, ઔદ્યોગિક રસાયણો અને પેટ્રોકેમિકલ્સ જેવા ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જે વેપાર વર્ગીકરણ અને નીતિમાં તેની નોંધપાત્ર ભૂમિકા પર ભાર મૂકે છે.

ડ્યુટી-ફ્રી એક્સેસ ભારતીય નિકાસકારો માટે યુકેના 28.35 અબજ ડૉલરના કેમિકલ્સ બજાર માટે દરવાજા ખોલે છે.

વર્ષ 2024માં બ્રિટનની રાસાયણિક આયાતના મુખ્ય સ્ત્રોત અમેરિકા, ચીન, જર્મની અને ફ્રાન્સ હતા. સંપૂર્ણ અને તાત્કાલિક ટેરિફ નાબૂદી સાથે, સીઇટીએ ભારતને સ્પર્ધાત્મક, વિશ્વસનીય સપ્લાયર અને હાલના સ્રોતોના મજબૂત વિકલ્પ તરીકે સ્થાન આપે છે.

**જેમ્સ એન્ડ જ્વેલરી**

યુકેમાં ભારતની કુલ જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસનું મૂલ્ય 94.1 કરોડ ડોલર છે, જેમાં 40 કરોડ ડોલર જ્વેલરીમાંથી આવે છે. એફટીએ વિશાળ બજાર ખોલે છે કારણ કે યુકે વાર્ષિક આશરે 3 અબજ ડૉલરના દાગીનાની આયાત કરે છે. એફટીએ હેઠળ ટેરિફમાં છૂટછાટથી આગામી બે-ત્રણ વર્ષમાં યુકેમાં ભારતના રત્નો અને ઝવેરાતની નિકાસ બમણી થવાની ધારણા છે.

**સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગે ક્વોલિટી પ્રત્યે સભાન બનવું પડશે: પ્રમોદ ચૌધરી**

પ્રતિભા ગ્રૂપના સ્થાપક અને સુરતના જાણીતા ટેક્સટાઈલ ઉદ્યોગપતિ શ્રી પ્રમોદ ચૌધરીએ ભારત-યુકે વચ્ચેના મુક્ત વેપાર કરારને આવકાર્યો છે. ડ્યુટી શૂન્ય થવાથી આપણે ચીન સહિતના



દેશો સાથે સ્પર્ધા કરી શકીશું અને સમગ્ર ટેક્ષ્ટાઈલ ચેનને લાભ થશે. તેમણે કહ્યું કે યુરોપને ધ્યાનમાં રાખીને આપણે ક્વોલિટી કોન્શિયસ બનવુ જોઈએ અને માઈન્ડ સેટ એક્સપોર્ટ ઓરિએન્ટેડ કરીને ઈનોવેશન અને ટેક્નોલોજી પાછળ મહેનત કરવી જોઈએ. તિરુપુર લાભ લેવાની વિશેષ સ્થિતિમાં છે કેમ કે ત્યાંથી વધુ નિકાસ થાય છે. ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ થયા બાદ આપણી જવાબદારી છે કે આપણે ડિફેક્ટ ફ્રી અને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ પૂરી પાડીએ.



**બિનભારતીયોને લક્ષમાં રાખીને ગુણવત્તા પણ સુધારીએ: ગિરીશ લુથરા**

લુથરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને જાણીતા ઉદ્યોગ સાહસિક શ્રી ગિરીશભાઈ લુથરાએ કહ્યું કે મેદાન તૈયાર છે, આપણે સારી રીતે રમવાનું છે. સૌથી મોટો ફાયદો એ કે યુકેની કુલ આયાતમાંથી માત્ર 8 ટકા આપણા દેશમાંથી થાય છે એ હવે નોંધપાત્ર રીતે વધી શકે છે. પ્રાઈઝ એડવાન્ટેજ મળવાથી આપણો ટેક્ષ્ટાઈલ વેપાર ચોક્કસ જ વધશે અને નિકાસમાં હિસ્સો પણ વધશે. આ તકનો મહત્તમ લાભ લેવા માટે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગે ક્વોલિટી પર અને ટાઈપ પર ફોકસ કરવુ જ રહ્યુ અને

એ માટેની સેન્સિટિવિટી લાવવી પડશે. અત્યારે ભાવ સસ્તા રાખવાની વૃત્તિ છે એ નહી ચાલે, ટેકનોલોજી આપણે ત્યા છે જ, વૃત્તિ અને ટેમ્પરામેન્ટમા એડવાન્સમેન્ટ જોઈએ, યુકેમા નિવાસી ભારતીયો ઘણાં છે તેમ છતા નોન ઈન્ડિયન માર્કેટ પર ફોકસ કરવુ જોઈએ.



## ફૂડ પ્રોસેસિંગને જબરદસ્ત ફાયદો, નિકાસમાં તત્કાલ 25% વધારાની આશા: મનહર સાંસપરા

સ્નેક એન્ડ બેવરેજ ઈન્ડસ્ટ્રીમા જાણીતી પુરો ઈન્ડિયા ફેશ ફૂડ લિમિટેડના શ્રી મનહર જે. સાસપરાએ કહ્યુ કે ફૂડ પ્રોસેસિગને જબરદસ્ત લાભ છે. યુકેમા ગુજરાતીઓ અને ભારતીયો ખૂબ મોટા પ્રમાણમા વસે છે. તેઓ મોટા ભાગે ભારતથી જ ફૂડ-નાસ્તા મંગાવતા હોય છે. પુરો ફૂડ માટે પણ યુકે સૌથી મોટુ બજાર છે. હવે આ કરાર થવાથી ભારતીય નિકાસકારો વ્યાજબી ભાવે ત્યાં ફૂડ પ્રોવાઈડ કરી શકશે. રેડી ટુ ઈટ, નમકીન સહિતના ઈન્ડિયન ફૂડ માટે ત્યાં જબરદસ્ત ક્રેઝ છે, એટલે લાભ મોટો છે. અમે ત્યાં ભારતીયો જ નહીં પણ બિન-ભારતીયોને પણ ટાર્ગેટ કરીએ છે અને બિન-ભારતીયોમા પણ પ્રોટીન, ન્યુટ્રિશન બાર, રોસ્ટેડ ફૂડ, મખના પણ બહુ જ લોકપ્રિય છે, એટલે ફૂડ ઈન્ડસ્ટ્રી માટે આ કરાર બહુ લાભદાયી છે અને અમને આશા છે કે ફૂડ નિકાસમા તત્કાલ 25%નો વધારો થશે.



## જેમ્સ એન્ડ જ્વેલરીને મોટો લાભ, ડિઝાઈન અને ડોક્યુમેન્ટેશન પર ફોકસ કરવાની જરૂર: નિરવ જોગાણી

લેમન કન્સલ્ટેકના શ્રી નિરવ જોગાણીએ કહ્યું કે વર્ષ 2024મા ભારતે યુકેને 94.1 કરોડ ડોલરના રત્નો અને ઝવેરાતની નિકાસ કરી હતી, જે ભારતની વૈશ્વિક નિકાસ અને યુકેના 3 અબજ ડોલરના વાર્ષિક ઝવેરાત આયાત બજારની સરખામણીએ પ્રમાણમા નાનો હિસ્સો છે. એફટીએ હવે ભારતીય સોના અને હીરાના દાગીના પર યુકેની 2.5-4%ની આયાત ડ્યુટીને દૂર કરે છે, જેનાથી ભારતીય નિકાસકારોને વૈશ્વિક હરિફો પર તાત્કાલિક ભાવનો લાભ મળે છે અને તેમના ઉત્પાદનો યુકેના ખરીદદારો માટે વધુ સુલભ બને છે. બીજી બાજુ, છૂટક હીરા મૂળ રૂપે ડ્યુટી ફ્રી હતા એ હજુ પણ કરમુક્ત છે. આ ડ્યુટી-ફ્રી એક્સેસ સાથે, યુકેમા ભારતીય જેમ્સ અને જ્વેલરીની નિકાસ માત્ર થોડા વર્ષોમા 2.50 અબજ ડોલર સુધી વધી શકે છે, જ્યારે આ ક્ષેત્રમા કુલ દ્વિપક્ષી વેપાર 6 થી 7 અબજ ડોલર સુધી પહોંચી શકે છે. આનાથી ભારતીય ચીજવસ્તુઓ માટે મોટુ, ઉચ્ચ મૂલ્યનુ બજાર ખુલશે અને મધ્યમ અને નાના ઉત્પાદકો માટે નવી શક્યતાઓ ઊભી થશે. તેનો સંપૂર્ણ લાભ લેવા માટે, ભારતીય વેપારીઓએ યુકેના ગુણવત્તા ધોરણો સાથે સુસંગત થવું જોઈએ, મૂળ દસ્તાવેજીકરણ તૈયાર કરવાનુ શરૂ કરવુ જોઈએ અને બ્રિટિશ ગ્રાહકોની પસંદગીઓને અનુરૂપ ઉત્પાદન ડિઝાઇન તૈયાર કરવી જોઈએ.

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

SGCCI

*We sincerely thank our Sponsors of Birthday Gifts*

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND

**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY



SGCCI SESDC GFRRC

**THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE**
**GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE**

## SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
| --- | --- |
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL
SHRAVAN
BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION
WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION
YARN EXPO
An International Trade Show
1 2 3 AUG. 2025

संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft
12th & 13th September, 2025

Diwali
BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SITME '26
SURAT INTERNATIONAL
TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

6th EDITION
SGCCI
Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI
GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26
25-26-27 Jan. 2026

SGCCI
EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
6-7-8 FEBRUARY 2026

SMART
EDUCATION
EXPO 2026
6-7-8 FEB, 2026

13th EDITION
SITEX
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL
7th Edition
auto expo
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

Art
EXHIBITION
AHMEDABAD
19 TO 22 MARCH 2026

Vibrant
GUJARAT
REGIONAL
CONFERENCES
9 & 10 April, 2026

SGCCI
WEALTH
EXPO 2026
8-9-10 MAY

SGCCI
DiMaS
DIGITAL MARKETING
SUMMIT & EXPO

Health & Wellness Expo

3rd Edition
Surat
Startup
Summit

SPARKLE '26
INTERNATIONAL
Gems & Jewellery Exhibition